RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 5, Year: 69, August, 2022, Pages: 52, Price Rs. 7.00



75 आज़ादी का अमृत महोत्सव

આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# शहीदों की चिताओं पर लगेंगे हर बरस मेले
# वतन पर मरनेवालोंका यही बाकी निशां होगा।



મહાત્મા ગાંધી, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નેહરૂ, લોકમાન્ય તિલક

ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, તાત્યા ટોપે, રાણી લક્ષ્મીબાઈ, મંગલ પાંડે, લાલબહાદૂર શાસ્ત્રી, ઉધમ સિંહ

ગોપાળકૃષ્ણ ગોખલે, લાલા લજપતરાય, વીર સાવરકર, મહર્ષિ અરવિંદ, ભગવતીચરણ વોહરા, અશફાક ઉલ્લા ખાન, બટુકેશ્વર દત્ત

બાબાસાહેબ આંબેડકર, વીર નારાયણ સિંહ, રવિશંકર મહારાજ, રાજગુરુ, સુખદેવ, દાદાભાઈ નવરોજી, રાજેન્દ્ર પ્રસાદ

પંડિત પરમાનંદ, શ્મામજી કૃષ્ણવર્મા, પ્રફુલ્લ ચાકી, કસ્તુરબા ગાંધી, સરોજિની નાયડુ, તિરુપુર કુમારન, ગોવિંદ વલ્લભ પંત





મેડમ ભીકાજી કામા, બેગમ હજરત મહલ, ઉષાબેન મહેતા, દુર્ગાભાભી, સુભદ્રાકુમારી ચૌહાણ, વિજયાલક્ષ્મી પંડિત, સાવિત્રીબાઈ ફુલે

સરલાદેવી ચૌધરાની, રાજકુમારી અમૃત કૌર, દામોદર ચાફેકર, સુચેતા કૃપલાની, ડૉ. કેશવરાવ હેડગેવાર, ખુદીરામ બોઝ, વાસુદેવ ચાફેકર

મદનલાલ ધિંગરા, રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ, રામપ્રસાદ બિસ્મિલ, રાસબિહારી બોઝ, વાસુદેવ બળવંત ફડકે, બાળકૃષ્ણ ચાફેકર, બિરસા મુંડા

સુનીતિ ચૌધરી, રાજેન્દ્રનાથ લાહિડી, ચિતરંજન દાસ, શામળદાસ ગાંધી, જે બી કૃપલાની, સત્યેન્દ્રનાથ બોઝ, હેમુ કાલાણી

યુસુફ મહેરઅલી, ગણેશ વાસુદેવ માવલનકર, વિનોદ કિનારીવાલા, વિઠ્ઠલભાઈ પટેલ, નરહરિ પરિખ, દાદા ધર્માધિકારી, મણિબેન પટેલ

પેરીનબેન કેપ્ટન, રાણી ચેનમ્મા, સરદાર સિંહ રાણા, અરૂણા અસફઅલી, અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી, રાણીમા ગાઈડિન્યુ

JSG
Jain Social Groups
Int Federation
Grow more to Serve more

# જૈન સોશ્યલ ગ્રુપ -જુહુ બીચ
## દ્વારા આયોજિત વિદેશ પ્રવાસો

**ફૂકેટ - ક્રાબી** ૫ રાત્રી/૬ દિવસ
પ્રસ્થાન - ૧૧ સપ્ટેમ્બર
૨૦ ઓક્ટોબર

**બાકુ - અઝરબૈજાન**
૫ રાત્રી/૬ દિવસ - પ્રસ્થાન - ૧૫ સપ્ટેમ્બર - ૨૫ ઓક્ટોબર

**દુબઈ - અબુ ધાબી** ૬ રાત્રી/૭ દિવસ
પ્રસ્થાન - ૧૫ સપ્ટેમ્બર
૨૫ ઓક્ટોબર

**માલદિવ્સ** ૪ રાત્રી / ૫ દિવસ -
પ્રસ્થાન - ૧૫ સપ્ટેમ્બર
૨૫ ઓક્ટોબર

*શાનદાર હોટેલો, *ભરપૂર સાઈટ સીઈંગ,
*ભાવતાં ભોજન, *વ્યાજબી ભાવે

EZIPP

Since : 1982
Jaagruti Tourz
Reliable, Responsible, Reasonable
Follow us on
8830341383 / 9820129177

Our other special tours

NEPAL - 7 nights / 8 days
SINGAPORE / with - without Cruise
special honeymoon packages for - BALI & MAURITIUS

Advt.

# BIO - DATA

## Dhairya Milankumar Dhruv

### Personal details



| | |
|---|---|
| Date of birth: | 5th April 1991 (6:46pm, Mumbai) |
| Height: | 5 feet 7 inches |
| Religion: | Jain |
| Caste: | Zalawadi Dasha Shrimali Sthanakvasi Jain |
| Native Place: | Limbdi |
| Email: | dhairya.dhruv@gmail.com |

**Education**

- MBA (Finance), Jamnalal Bajaj Institute of Management Studies, Mumbai
- B. Tech (Electrical), VJTI, Mumbai
- Cleared CFA Level 2

**Professional details**

Associate at TR Capital, Mumbai (Hong Kong based Private Equity fund)
Previously worked as Equity Research Analyst at Motilal Oswal Institutional Equities

### Family details

| | |
|---|---|
| Father: | Milankumar Pravinkant Dhruv (BE Mech, VJTI) |
| Profession: | Chief Marketing Officer at Inox Wind |
| Mobile number: | 9819063836 |
| Mother: | Dr. Bina Milankumar Dhruv |
| Profession: | Consulting Homeopath |
| Mobile number: | 9833558534 |
| Clinic Address: | Raj Clinic, Lancelot, Borivali West, Mumbai |
| Younger Brother: | Dhanya Milankumar Dhruv |
| Education: | Pursuing MBA (Finance) at NL Dalmia Institute of Management Studies and Research |
| Residence: | B-702, Keval Tower,<br>B J Patel Road, Malad West,<br>Mumbai - 400064 |

### Relatives

| | |
|---|---|
| Grandparents (P): | Late Pravinkant Vadilal Dhruv, Hansaben Pravinkant Dhruv |
| Grandparents (M): | Late Himmatlal Chunnilal Shah, Shardaben Himmatlal Shah |
| Fua/Fia: | Dr. Yogesh Gandhi / Dr. Parul Gandhi |
| Mama/Mami: | Nimish Shah / Jasmine Shah<br>Amit Shah / Ketki Shah |
| Masa/Masi: | Dinesh Doshi / Jigisha Doshi |

Advt.

# Bio-Data

## Personal Details:



Name : **RUTUJ YASHODHAR SHAH**
Date of Birth : July 21, 1992
Birth Time : 7:25 AM
Birthplace : Ahmedabad
Height : 6’1”
Weight : 65 kg
Mobile No. : +1 (352) 631-1949
Email : rutujshah21@gmail.com

## Profession and Education:

Designation : Sr. R&D Engineer
Company : Medtronic | New Haven, CT, USA
Education : MS in Mech. Engg. | University of Florida, USA
: B.Tech in Mech. Engg. | GCET, Vidhyanagar.

## Family Details:

Grand Father : **Late Shri C. D. Shah**
Grand Mother : **Late Subhadraben C. Shah**
Father : **Dr. Yashodhar C. Shah**
Neurosurgeon
Mobile No. : 98240 37137
Email : drycshah@yahoo.co.in
Mother : **Dr. Hina Y. Shah**
B.E. (Mech.), Ph.D. (Jainism)
Homemaker
Mobile No. : 99250 38148
Email : hinaycshah@gmail.com
Resi. Address : B-402, Devraj Tower,
Judges Bungalow Cross Road,
Bodakdev, Ahmedabad - 380054
Residence No. : (079) 26842535
Cast : Sthanakvasi Jain
Native : Wadhwan, Surendranagar

**Visiting India in September 2022**

Advt.





શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ઑગસ્ટ ૨૦૨૨

વર્ષ : ૬૯ : : અંક : ૫

: તંત્રી :

સંધ્યાબેન બિપિનભાઈ શાહ

માલિક :

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા

: મુદ્રક અને પ્રકાશક :

પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.

મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧

Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી, ૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ૩૧૬, એન. એમ. જોશી માર્ગ, ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ) મુંબઈ-૪૦૦૦૧૧. ફોન:૦૨૨-૩૫૭૪૦૮૧૧

: ફક્ત પત્રિકાનું લવાજમ :

ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/-+18%GST

ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/-

છૂટક નકલ રૂા. ૭/-

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા ઑફિસના કામકાજનો સમય સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦



*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*


# હર ઘર તિરંગા



**'અશોકચક્રની આભા લઈ**
**લહેરાતો ધ્વજ મને પ્યારો છે,**
**કેસરી શ્વેત ને લીલા રંગનો**
**એ જ ત્રિરંગો મારો છે.'**



## વીર શહીદ ભગતસિંહ

ભારતની આઝાદીના ઈતિહાસમાં પોતાનું નામ અમર કરી જનાર વીર સરદાર ભગતસિંહના પૂર્વજો કાકા અજિતસિંહ, સ્વર્ણસિંહ અને મોટા ભાઈ કિશનસિંહ પણ નિર્ભય ક્રાંતિકારીઓ હતા. ભગતસિંહ લાયલપુરમાં ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૦૭ના દિવસે જન્મ્યા હતા. નાનો અને રૂપાળો ભગતસિંહ કાકા અજિતસિંહના પત્ની હરનામ કોરને પતિના વિયોગમાં આંસું સારતાં જોઈ રહ્યો હતો. ''કાકી, તમે રડસો નહી હું ખાસ કાકાના મોતનો બદલો લઈશ. હું અંગ્રેજોની ખબર લઈ નાખીશ.'' અને ૧૩ એપ્રિલ ૧૯૧૯ના જલિયાનવાળા બાગના હત્યાકાંડે આ બાળકને હચમચાવી મૂક્યો. આ બાર વર્ષના બાળકે અમૃતસર જઈ. જલિયાનવાળા બાગની લોહીથી ખરડાવેલી માટીનં તિલક કર્યુ અને ઘેર લઈ આવી તેની પૂજા કરી.

લાલા લજપતરાયનાં પ્રમુખપદે કામ કરતી નેશનલ કૉલેજમાં જોડાતાં તેમણે ક્રાંતિના માર્ગે પ્રયાણ કરવા માંડ્યું. ૨૯ જુલાઈ ૧૯૨૭ના દિવસે તેઓ પ્રથમવાર પોલીસને હાથે ગિરફતાર થયા. પણ પુરાવાના અભાવે જમીન ઉપર છૂટી ગયા. ૩ જી ફેબ્રુઆરી, ૧૯૨૮ના દિવસે સાયમન કમિશન મુંબઈ આવ્યું અને ઑક્ટોબરમાં લાહોર પહોંચ્યું. ત્યારે તેની સામેનાં દેખાવોમાં પોલીસ અધિક્ષક સ્ટોકે લાઠીચાર્જનો હુકમ આપ્યો અને તેના મદદનીસ સાંડેર્સે લાઠીચાર્જ કર્યો. જેમાં લાલાજીનું મૃત્યુ થયું. ભગતસિંહ અને રાજગુરુએ મોટરસાઈકલ પર જઈ સાંડાર્સનું ગોળીઓ વીંધી કાટલું કાઢી નાખ્યું. દાઢીવાળા ભગત-સિંહને પોલીસો શોધી રહી હતી એટલે ભગતસિંહ પોતાનો દેખાવ બદલી કલકત્તા પહોંચી ગયા. તેમના મનમાં કૉલેજકાળથી જ ફ્રાન્સનાં ક્રાંતિકારી નેતા વેલાંનું ચિત્ર છવાયેલું હતું. જેણે ફ્રાન્સ ધારાસભા પર બૉમ્બ ફેંક્યો હતો. ભગતસિંહે પણ ધારા-સભામાં બૉમ્બ ફેંકવાનું નક્કી કર્યુ અને તેમની સાથે બટુકેશ્વર દત્ત પણ જોડાયા. ૮ એપ્રિલ ૧૯૨૯ના દિવસે ધારાસભાની ખાસ બેઠકમાં બૉમ્બ ફેંકી તેમણે 'હિંદુસ્તાન પ્રજાતંત્ર સેના' લખેલી પત્રિકાઓ પણ ગૃહમાં ફેંકી. ૭મી ઑક્ટોબર, ૧૯૩૦ને દિવસે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસીની સજા જાહેર કરાઈ ભગસિંહ તો માત્ર દેશ માટે કુરબાની આપવા જ સંકલ્પબદ્ધ હતા. તેમણે પોતાના કશો ખચાય નહોતો કર્યો. તેમણે 'મારી આત્મકથા', 'મૃત્યુદ્વારે' અને 'સમાજવાદનો આદર્શ' થયો પુસ્તકો લખ્યાં અને ૨૩મી માર્ચ, ૧૯૩૧ની ઐતિહાસિક સાંજે સાડા સાત વાગ્યે આ ત્રણેય વીરોએ ફાંસીના ફંદાને ચૂમીને જાતે જ ગળામાં નાખ્યા. આવા દેશભક્તો કદીએ મરતા નથી. તેઓ અમર છે અને આ અમર આત્માને આઝાદ ભારતના લાખ લાખ વંદન!

❖❖❖



### સરફરોશી કી તમન્ના

સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ,  
દેખના હૈ ઝોર કિતના બાઝુએ કાતિલ મેં હૈ.  
રહરવે રાહે મહોબત રહે ન જાના રાહ મેં,  
લઝઝતે સેહરાન-વર્દી દૂર યે મંઝીલ મેં હૈ.  
આજ ફિર મકતલ મેં કાતિલ કહ રહા હૈ બાર બાર,  
ક્યા તમન્નાઆ શહાદત ભી કિસી કે દિલ મેં હૈ.  
ઐ શહીદે મુલ્કોમિલ્લત મૈં તેરે ઉપર નિસાર,  
અબ તેરી હિમ્મત કા ચર્ચા ગૈર કી મહફિલ મેં હૈ.  
વખ્ત આને દે બતાદેંગે તુઝે ઐ આસમાં,  
હમ અભી સે ક્યા બતાએં ક્યા હમારે દિલ મેં હૈ.  
અબ ન પહેલે વલવલે હૈં ઔર ન અરમાનોં કી ભીડ,  
સિર્ફ મિટ જાને કી હઝરત યહ દિલે બિસ્મિલ મેં હૈ.

– બિસ્મિલ



# જીવનનો કલાધર

બાપુ અહીં ૧૯૧૫માં આવ્યા. ત્યારથી આખર સુધી એમની નિરંતર કર્મધારા ચાલી. આખાયે રાષ્ટ્રીય જીવન ઉપર તેનો ઘેરો પ્રભાવ પડ્યો. એવું કોણ હતું હિંદુસ્તાનમાં જે તે વખતે ગાંધીજીની બહાર જીવી શક્યું ? એ વખતના તરંગમાં અમે સહુ ઊંચકાયા હતા. એ અમારી નહિ, યુગની ઊંચાઈ હતી.

બાપુનો જન્મ થયો ત્યારે ભારત અને દુનિયા માટે દીવો પ્રગટ્યો. ભારતમાતાની કૂખ સબળી છે. રામમોહન રાયથી માંડીને અને મહાનુભાવ વ્યક્તિઓ અહીં પાકી. ભારત જ્યારે દબાયું હતું, એના ઉપર ભીંસ હતી, એના શીલની કસોટી હતી. ત્યારે કેવી કેવી વ્યક્તિઓ બહાર આવી છે ! જાણે એક નક્ષત્રમાળા પ્રગટી એને માટે તો નવું આકાશ જોઈએ.

પણ એ બધામાં ગાંધીજી જુદા તરી આવે છે. એક એક ગુણ લઈ ગોતવા જઈએ. તો તમને એ ગુણ બીજાઓમાં વદારે ખીલેલા જોવા મળશે. વિદ્વત્તા, બુદ્ધિશક્તિ, મુત્સદ્દીગીરી, શબ્દશક્તિ – આ બધા જ ગુણો છૂટાછવાયા બીજા ઘણામાં વધુ માત્રામાંયે જોવા મળશે. પણ આ બધા જ ગુણો એકમાં ભેગા થઈ જે સકળ પુરુષ થાય છે, તે દુનિયામાં વારંવાર જોવા મળતો નથી.

જન્મ્યા ત્યારે તો બીજાં બધાં બાળકો જેવા જ સામાન્ય બાળક હતા. તેમાંથી આ વિભૂતિ થઈ કેવી રીતે ? એમણે પોતાની જાતને કેવી રીતે ઘડી ? આ ઘડતર દ્વારા બાપુએ મનુષ્યજાત આગળ જીવન જીવવાનું વ્યાકરણ રમતું મૂક્યું છે. તેમાં એકડો છે, સત્ય. પછી બીજું બધું તેમાં ઉમેરાય છે. પોતે ભૂલ કરતા, પણ તે સ્વીકારવાની શક્તિ એમની અજબ હતી. દેશભરમાં મોટું આંદોલન ચાલતું હોય, તેની વચ્ચેય હિમાલય જેવી ભૂલનો એકરાર કરી દેતાં તેઓ અચકાય નહિ. ગાંધી-ઈરવિન કરાર થયા. તેના અર્થઘટન અંગે કંઈક ભાંજગડ ઊભી થઈ. ત્યારે વાઈસરૉયે કહ્યું કે ગાંધીને પૂછો. સામા માણસનેય કેટલી હૈયાધારણ હશે ! કેટલો વિશ્વાસ હશે કે આખા દેશનું સ્વરાજ્ય મળતું હોય, તોયે આ માણસ કદી ખોટું નહિ બોલે !

★

માનવજાતિને અનેક મહાન શિક્ષકો મળ્યા છે, અને મળશે પણ. ગાંધીજીની વિશેષતા હોય તો તે એ કે ''હું મથામણ કરવાવાળો સામાન્ય જીવ છું'' - એમ સ્ખલનશીલ સાધકની પેઠે એ માનવજાતિ આગળ રજૂ થાય છે, અને ધીમે ધીમે જીવનનાં અંતિમ મૂલ્યો સાથે સમરૂપ થવા કરતા દેખાય છે. એથી દરેક માણસને સાધનામાર્ગે ડગલું માંડવા પ્રેરણા મળે એવું છે.

એ પોતે મોહનદાસમાંથી મહાત્મા બન્યા. સામાન્ય માણસ પણ કેટલો આગળ વધી શકે છે, તે પોતાના જીવન મારફત એ બતાવી ગયા છે. અને આમ કરીને એમણે મનુષ્યજાતિને હંમેશ માટે મુશ્કેલીમાં મૂકી દીદી છે ! તમારાં કોઈ બહાનાં, ગલ્લાંતલ્લાં ચાલવાનાં નથી. તમે ઉત્તમ ન થઈ શકો. તેવું એક પણ બહાનું ચાલવાનું નથી.

ગાંધીજી જીવનના કલાકાર હતા, જીવનના શિલ્પી હતા. માનવી પૂર્ણતા તરફ કઈ રીતે પ્રગતિ કરી શકે છે, તેનો ઉત્તમ નમૂનો એમના જીવનમાંથી સાંપડે છે.

ગાંધીજીની એક જગદ્‌ગુરુ તરીકેની દેણ હોય તો તે છે, એમણે જગત આગળ મૂકેલું જીવન જીવવા માટેનું વ્યાકરણ. માણસ સત્યને અનુસરતાં પોતાના જીવનમાં પ્રયોગો કરતો જાય. એ પ્રક્રિયામાં જ એને માનવબંધુઓની સેવા કરવાની તકો સાંપડે છે. પણ સૌ પ્રત્યે પ્રેમભાવથી, એટલે કે દરેકમાં રહેલા સત્ય પ્રત્યે પૂરા આદરભાવથી એ વર્તતો હોય છે. એટલે માર્ગમાં, ખાસ કરીને એને પોતાને સહન કરવાનું ભલે આવે - સત્ય દુભાતું નથી, સર્વનું કલ્યાણ જ નીપજે છે.

આવી વ્યક્તિઓ જગદ્‌ગુરુપદને પામે છે, કેમ કે તેઓ પોતાની જાતને જીવનના છેલ્લા શ્વાસ સુધી કેળવતી હોય છે. એમનામાં જીવનભર કોઈ એક સ્થિર તેજરેખા દેખાતી હોય તો તે છે અવિચલ સત્યનિષ્ઠાની, અવિરત સત્યાચરણની.

ગાંધીજી આપણી વચ્ચે મનુષ્યદેહે ધર્મ વિચરતો હોય એ રીતે જીવન જીવી ગયા. અને તેમ છતાં ગાંધીજીએ ધર્મ વિશે કોઈ શાસ્ત્ર રચ્યું નથી. ગાંધીજીનો ધર્મવિચાર માત્ર શબ્દો દ્વારા પમાય એમ નથી. ધર્મનો શબ્દો દ્વારા પ્રચાર થઈ શકે, એ એમનાથી મનાતું નથી. ધર્મશ્રદ્ધા તો જીવનમાંથી મઘમઘવી જોઈએ. એ તો આપોઆપ જાતપ્રચાર કરતી હોય. હિંદુધર્મનું તાત્પર્યદર્શન મારા આચરણ સિવાય બીજા કશા મારફત હું કરાવી ન શકું. એમ એ કહે

છે. કોઈ શાસ્ત્રવચનના ચોકઠામાં ધર્મતત્ત્વને પુરાયેલું જોવાની ગાંધીજી ના પાડે છે, અને પોતાને સનાતની હિંદુ કહે છે તે પણ - અસ્પૃશ્યતા જેવા હિંદુધર્મ પરના મહાન ડાઘને ધોવામાં જિંદગી ખરચતા રહીને જ. તેઓ હિંદુધર્મને કોઈ સાંકડા સંપ્રદાયરૂપે જોતા નથી, પણ ''એના ઉદરમાં સંસારની સર્વ વિભૂતિઓની પૂજાને સ્થાન છે.'' એક કહે છે. સાચા હિંદુ તો જ બની શકાય જો સર્વધર્મસમભાવ, બલકે સર્વધર્મમમભાવ, કેળવી શકાય.

''જો ધર્મને વ્યવહારમાં ન લાવી શકાય, તે ધર્મ નથી'' - એમ કહી તેઓ નીતિ પર ભાર મૂકે છે : ''ધર્મ એટલે નીતિ, આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ.''

★

એમ કહેવાય છે કે મુત્સદ્દી, બહારવટિયા અને સંતો સૌરાષ્ટ્રમાં વિશેષ પાકે છે. ગાંધીજીમાં આ ત્રણેય શક્તિ પૂર્ણ કળાએ ખીલેલી છે. એમની હૃદયની શક્તિ અપાર હતી. ધર્મની શક્તિ અપાર હતી, પણ એમનામાં બુદ્ધિશક્તિયે અત્યંત એકાગ્ર ને તીવ્ર હતી. ગાંધીજીમાં શ્રદ્ધા તો હતી જ. પણ સાથે સાથે બુદ્ધિથી પવિત્ર થયું છે એવું આચરણ પણ હતું. દરેક વસ્તુને બુદ્ધિગમ્ય બનાવવી. વ્યવસ્થિત કરવી, એવું એમનું કાયમ વલણ રહ્યું છે.

અંગ્રેજ મોટામાં મોટો મુત્સદ્દી, પણ એય જેની સામે હાંફી જાય એવો મુત્સદ્દી ગાંધી નીકળ્યો. એવી મુત્સદ્દીગીરી કરે કે કશું છુપાવે નહિ, બધી બાજી ઉઘાડી. આમા ભલભલા મુત્સદ્દીઓના હાથ હેઠા પડે.

આ પહેલું શોધી કાઢ્યું જનરલ સ્મટરો. એણે કહ્યું : ગાંધી, તમારી સામે તો કઈ રીતે કામ લેવું ? તમે તો જાતે સહન કરીને લડો છો. અમારું કશું બગાડતા નથી. મનમાં પણ અમારું બૂરું ઇચ્છતા નથી. અમે આફતમાં હોઈએ, ત્યારે ઊલટાના તમારી લડત સંકેલી લો છો. જે શિસ્ત તમારા માટે તમે પોતે નક્કી કરી હોય, તે બરાબર પાળો છો. તમને તે શું કરવું ?

★

ગાંધીજીની પૂર્વે આ દેશમાં રેંટિયા કાંઈ નહોતા ચાલતા ? પણ ગાંધીજીઆ આખી એક નવીન જીવનરીતિના વિધાયક તરીકે રેંટિયાને આગળ ધર્યો છે તે, એમાં ભાવનાનો પ્રાણ ફૂંકીને. રેંટિયો એ ગાંધીજીનું મહાકાવ્ય છે. જીવનને યજ્ઞમાં ફેરવી નાખવું, એ એનો મર્મ છે.

ગાંધીજી કાર્યના માણસ હતા, શબ્દના નહી. એક પલ્લામાં મણ પ્રવચન હોય અને બીજામાં અધોળ આચરણ, તો આચરણનું પલ્લું નમે, એ એમની શ્રદ્ધા. પણ એમણે જોયું કે શબ્દ પણ મોટી શક્તિ છે, કર્મને પ્રેરનારી શક્તિ છે. ક્યારેક શબ્દ કર્મ સમોવડો પણ નીવડે છે. એટલે એમણે શબ્દની શક્તિને પણ યોજી, ભરપૂર યોજી, સબળપણે, સફળપણે યોજી.

ગાંધીજીનું જીવન એટલે કાર્યનો ઝંઝાવાત, હજારો-લાખો-કરોડોને ઢંઢોળી જાગ્રત કરી પરદેશી શાસન સામે ખડા કરવાનો ઉપક્રમ, હિંદની સાવ નંખાઈ ગયેલી પ્રજાને પગભર કરી દુનિયાના મહાનમાં મહાન સામ્રાજ્ય સામે ભિડાવવાનો ભગીરથ પુરુષાર્થ.

ગાંધીજીના વિપુલ શબ્દપુંજમાં એક એક શબ્દ ભરીબંદૂક છે. તે તે ક્ષણે તાકેલું નિશાન સર કરવાની પૂરી ગુંજાશ એ ધરાવે છે. ગાંધીજીની ભાષા સરળ પણ સબળ, સોંસરી, સચોટ, દિલ જીતી લે એવી છે.

ટૂંકાં ટૂંકાં વાક્યો એ એમની ખાસિયત છે. ક્રિયાપદની પસંદગી ઉત્કૃષ્ટ હોય છે. વિશેષણને તો એ દૂર રાખે. કહે પણ છે, ''ખરું જોતાં સત્યને વિશેષણના શણગારની જરૂર નથી. શુદ્ધ હકીકતમાં જે કળા છે, તે નકામાં વિશેષણોથી ખરડાયેલી હકીકતમાં નથી જ હોતી.''

ગાંધીજીની શબ્દશક્તિ પ્રકાશ પાથરનારી છે. માનવજાતનો મહામૂલો એ વારસો છે.

★

શસ્ત્ર દેહને છેદી શકે છે, આત્માને નહિ, આત્મા તો અમર છે – એ સૂત્ર આ દેશમાં હજારો વરસોથી ઘૂંટાતું આવ્યું છે. પણ છેલ્લા કેટલાક સૈકાઓમાં આ સૂત્ર ઉચ્ચારનારાઓના જેવી દેહરખી પ્રજા ભાગ્યે જ ક્યાંય જોવા મળતી. આપણા યુગના સદ્‌ભાગ્યે એક પુરુષ એવો પાક્યો, જેણે પોતાનાં મૂઠી હાડકાંમાં આત્માની અમરતાને પ્રતિષ્ઠિત કરી, અને દેહને આંચ આવશે એ ડરે આત્માની કોઈ વસ્તુને કદી તલભાર પણ જતી કરી નહિ. આત્માની વસ્તુઓની સિદ્ધિ માટે દેહને એક અમોઘ સાધન તરીકે હંમેશાં સ્વસ્થ રાખ્યો; પણ આત્માની વાત સાધવા માટે, જરૂર પડે ત્યારે, એ દેહને ફેંકી દેવાને ક્ષણનો પણ વિલંબ કદી અનુભવ્યો નહિ. આવા જીવનને અનુરૂપ એનો અંત આવ્યો. મહાત્માજીને લગતી ઘણી વસ્તુઓ મહાન છે, પણ એમનું મૃત્યુ કદાચ સૌથી મહાન ઘટના છે.

❖❖❖

અમે તો વસુંધરાના વીર !
અમારો ધર્મ: થવું રણધીર !
અમે તો વસુંધરાના વીર !

★

અમે સિંહણનાં સંતાન :
સિંહ અમારા ક્ષત્રીપિતા ને
ગર્જન છે અમ ગાન :
અમે સિંહણના સંતાન !



# મેઘાણીનો શૌર્યપ્રેરક 'સિંધુડો'

□ ડૉ. મહેબૂબ દેસાઈ

૧૯૩૦નો યુગ હતો. ગાંધીજીએ મીઠા સત્યાગ્રહ માટે લોકોને જાગ્રત કરવા દાંડીકૂચ આરંભી હતી. ધીમે ધીમે ગુજરાત અને સૌરાષ્ટ્રની પ્રજામાં મેઘાણીનાં શૌર્યગીતો પ્રસરી રહ્યાં હતાં. 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકના તંત્રી શ્રી અમૃતલાલ શેઠ મેઘાણીની કલમનું કૌવત પારખી ગયા હતા. તેમનાં સ્વાધીનતાનાં ગીતોએ પ્રજામાં કેળવેલ જાગૃતિને વધારે પ્રજ્વલિત કરવાના હેતુથી અમૃતલાલ શેઠે મેઘાણીનાં કેટલાંક શૌર્યગીતોને સંગ્રહિત કરી એક નાનકડો સંગ્રહ સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર, રાણપુર દ્વારા પ્રકાશિત કરવાની યોજના ઘડી. 'સ્વાધીનતાનાં ગીતો' એ મથાળે મેઘાણીનાં રાષ્ટ્રીય ગીતોનો સંગ્રહ બહાર પાડવાની જાહેરાત પછી, સહુને એ નામ ફિક્કું લાગ્યું હશે. તેથી તેનું નામ સિંધુડો પાડવામાં આવેલ.

તેના નામમાંથી તેમાં રહેલાં શૌર્ય અને યુદ્ધગીતોનો સૂર સંભળાતો લાગ્યો. 'સિંધુડો' એટલે શરણાઈ - સંગીતનો એક સૂર. શરણાઈનો સૂર જેમ તીવ્રપણે યુદ્ધસૂચક અને શૌર્યપ્રેરક હોય છે તેમ મેઘાણીનાં આ સ્વાતંત્ર્ય સંગ્રામનાં ગીતો ગાતાં જે સંવેદના ઉત્પન્ન થતી હતી તે બહુધા યુદ્ધઘોષો અને શૌર્યના ઉદ્‌બોધનની સૂચક હતી. 'સિંધુડો' શૌર્યરસનો પ્રકાર છે. રણમોરચે જતા સૈનિકોમાં જવાંમર્દીની ભાવના જાગ્રત કરવા, જે ગીતો ગવાતાં તેને પણ 'સિંધુડો' જ કહેવામાં આવે છે.

'સિંધુડો'નાં કુલ પંદર શૌર્ય પ્રેરતાં સ્વાધીનતાનાં ગીતોમાં સાત ગીતો સ્વતંત્ર હતાં. સ્વતંત્ર ગીતો એટલે એવાં ગીતો જે સ્વયંસ્ફુરિત હોય. ઝવેરચંદ મેઘાણીએ ખુદે કરેલ વિભાજન મુજબ 'ઝંખના', 'મોતનાં કંકુ ઘોળણ', 'બીક કોની મા તને ?', 'સ્વંતત્રતાની મીઠાશ', 'તરુણોનું મનોરાજય', 'વીર જતિન્દ્રનાં સંભારણાં' અને 'શિવાજીનું હાલરડું' સ્વતંત્ર ગીતો હતાં. જ્યારે બાકીનાં આઠ ગીતો 'કેમ ગમે ?', 'ઊઠો', 'યજ્ઞ-ધૂપ', 'છેલ્લી પ્રાર્થના', 'કાલ જાગે', 'ભીરુ', 'ગાઓ બળવાનાં ગાન' અને 'નવ કહેજો પરતંત્ર' એટલે કે એવાં ગીતો જે અન્ય કોઈ ભાષાનાં ગીત પરથી પ્રેરણા મેળવીને લખાયાં હોય. પણ આપણે એમ એટલું જરૂર કહી શકીએ કે તેમાં ઠાંસી ઠાંસીને ભરેલ રાષ્ટ્રવાદ અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેની ધગશ એટલી અસરકારક હતી કે તેના ગાન માત્રથી યુવાનોનાં લોહી ધમનીઓમાં ઉછાળા મારવા લાગતાં અને માભોમની ગુલામીને તોડવા યુવાનો ગમે તે ભોગ આપવા તૈયાર થઈ જતા.

❖❖❖

'બીક કોની ? બીક કોની ? બીક કોની મા તને ?'
વીસ કોટી બાળકોની, ઓ કરાલી મા તને ?
બીક કોની બંદૂકની ?
શ્વાન તુલ્ય સૈનિકની ?
બીક ચોર-ડાકુઓની ?
નયન ફાડ, માર ત્રાડ, જરીક વાર જાગ ને ?
હારે ઘેલી, ભાન ભૂલી, બીક કોની મા તને ?
દુશ્મન તુજ દ્વાર ખડો,
કપટી કૂટ પાજી બડો,
છલકે દેખ પાપઘડો,
દોડ દોડ, દંભ તોડ, છોડ ન તુજ વાતને,
આ છે આખરી સંગ્રામ, બીક કોની મા તને ?''



**શ્રી મહેન્દ્રભાઈ ઝવેરચંદ મેઘાણીનું તાજેતરમાં અવસાન થયું છે. ૨૦મી જૂને એમણે એકસોમાં વર્ષમાં પ્રવેશ કરેલો. લોકમિલાપના માધ્યમથી એમણે કરેલી સાહિત્યસેવા કદી નહીં વિસરાય.**

# સરદારસિંહ રાણા



જન્મ : ૧૮૭૦ ● મૃત્યુ :૨૫-૫-૧૯૫૭

માતૃભૂમિની મુક્તિ કાજે તન, મન, અને ધન સમર્પિત કરી દેનારા ક્રાંતિકારી સરદાર સિંહ રાણા સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી પાસેના કંથારિયા ગામના વતની હતા. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં તેઓ ગાંધીજીના સહાધ્યાયી હતા. પછીથી મુંબઈની એલ્ફિન્સ્ટન અને પૂણેની ફર્ગ્યુસન કોલેજમાં કોલેજ કરીને લીંબડીના રાજવીની મદદથી બાર એટ લો થવા ઈંગ્લેન્ડ ગયા. ઈંગ્લેન્ડ જઈને તેઓ વકીલ થવાને બદલે હીરાના પારખુ બન્યા. હીરા ઝવેરાતના ધંધામાં તેમણે જમાવટ કરી. શ્યામજી કૃષ્ણવર્માના સંપર્કમાં આવતાં તેઓ ક્રાંતિના રંગે રંગાયા. ઈન્ડિયા હાઉસની સ્થાપનામાં શ્યામજી સાથે જ રહ્યા. પછીથી પોલેન્ડ, તુર્કસ્થાન જઈ બોમ્બ બનાવાની પધ્ધતિ શીખી આવ્યા. આ પદ્ધતિ તેમણે સેનાપતિ બાપટ અને મિર્ઝા અબ્બાસને શીખવી ભારત મોકલ્યા. તે પછી બ્રિટિશ શાસન વિસ્ફોટથી ધ્રૂજી ઊઠ્યું. લંડનમાં મદનલાલ ધીંગરાએ કર્ઝન વીયલીની હત્યા કરી એ પિસ્તોલ પણ સરદારસિંહ રાણાની હતી. ૧૯૦૭માં જર્મની ખાતે દ્વિતીય આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસ મળી તેમાં તેમણે મેડમ કામા સાથે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. તેમના આગ્રહથી જ મેડમ કામાએ ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ પહેલીવાર વિદેશની ધરતી પર લહેરાવ્યો. તેઓ હવે બ્રિટિશ સરકારની આંખે ચડી ગયા. તેમના નામનું વોરન્ટ નીકળ્યું. પરંતુ ફ્રેન્ચ નાગરિકત્વ ધરાવતા હોવાથી પકડી ન શકાયા. પ્રથમ વિશ્વયુદ્ધમાં ફ્રાંસ અને ઈંગ્લેન્ડ મિત્ર બની ગયા. સરદારસિંહની ધરપકડ થઈ અને પનામા પાસેના માર્ટેનિક ટાપુ પર દેશનિકાલ કરાયા. તેમની મિલકત પણ જપ્ત કરાઈ. જીવનનિર્વાહ કરવા તેમણે ઢોર ચરાવ્યા. પાછા ફ્રાંસ આવીને ઝવેરાતનો ધંધો સંભાળ્યો. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. નાઝીઓ ફ્રાન્સમાં પ્રવેશ્યા ત્યારે નાઝીઓને મદદ કરવાનો ઈન્કાર કરતાં જર્મન કોન્સસ્ટ્રેશન કેમ્પમાં કેદ થયા. સુભાષચંદ્ર બોઝ જર્મની આવ્યા ત્યારે એમણે પહેલું કામ સરદારસિંહને છોડાવવાનું કર્યું. ફ્રેન્ચ સરકારે તેમની આ નિષ્ઠાની કદર કરી તેમને ફ્રેન્ચ લિજિયન ઓફ ઓનરનું પ્રતિષ્ઠિત સન્માન આપ્યું. વિદેશમાં આટલી વ્યસ્તતા વચ્ચે પણ તેમનો દેશવાસીઓ સાથે સંપર્ક જીવંત હતો. વર્ષો બાદ સ્વદેશ આવ્યા ત્યારે સુદામા સમા ગોઠિયા ગાંધીજીને મળવાનું ન ભૂલ્યા. તે દિવસે ગાંધીજીને મૌન વ્રત હતું. છતાં બાપુએ આ વ્રત તોડી તેમની સાથે ન 'તને સાંભરે રે, મને કેમ વિસરે રે,' વાળી કરી. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો. તેના થોડા સમય પછી તેમના પર પક્ષાઘાતનો હુમલો થયો. ૧૯૫૦થી તેઓ કાયમને માટે સ્વદેશ આવતા રહ્યા. સ્વાસ્થ્ય ન સુધર્યું. વેરાવળના દરિયાકિનારે હવાફેર કરવા ગયા ત્યાં જ તેઓ પરલોકે સિધાવી ગયા.

– જિતેન્દ્ર પટેલ



### છે હિંદ અમારો દેશ

અમે ભરત ભૂમિના પુત્રો ! અમ માત પુરાણ પવિત્ર,
રે જેનાં સુંદર સૂત્રો જળકાવે ઉચ્ચ ચરિત્ર,
અમ અંતરને ઉદ્દેશી કરશું હોકાર હમેશ,
અમે હિંદી, હિંદી, છે હિંદ અમારો દેશ.
ક્યાં હશે હિમાચલ જેવો ? ક્યાં પુણ્ય-પવિત્ર જ ગંગ ?
ક્યાં મળે અલૌકિક એવા સહુ દેશ તણા બહુ રંગ !... અમે
ધમ ધમ ધરણી ધ્રુજવશું. અમ દેશ તણાં કરી ગાન,
જય જય જયનાદ કરીશું, દઈશું મોંઘા અમ પ્રાણ,
એ ભક્તિ વસી ઉર, તે શી દેજો શક્તિ પરમેશ,
અમે હિંદી, હિંદી, છે હિંદ અમારો દેશ.

–અરદેશર ખબરદાર

# લીંબડી સત્યાગ્રહ

**મુગટલાલ પોપટલાલ બાવીસી**

સૌરાષ્ટ્રમાં આઝાદીની ચળવળ દરમિયાન જવાબદાર રાજ્યતંત્ર માટે થયેલ પ્રજાકીય સત્યાગ્રહ. તે ઈ. સ. ૧૯૩૯માં થયો હતો. ગુજરાતમાં બ્રિટિશ હકૂમત હેઠળના પ્રદેશોમાં આઝાદીની ચળવળ ચાલતી હતી. પરંતુ સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાં રાજાઓની સત્તા હોવાથી ત્યાં નાગરિક અધિકારો અને જવાબદાર રાજ્યતંત્ર માટે ચળવળ ચલાવવામાં આવતી હતી. સૌરાષ્ટ્રના રાજાઓ રૈયત ઉપર આપખુદ સત્તાઓ ધરાવતા અને એ અંગ્રેજોના મિત્ર હતા એટલે દેશી રાજ્યોમાં પ્રજાકીય ચળવળ ચલાવવાનું કામ ઘણું મુશ્કેલ હતું.

લીંબડી રાજ્યના રાજકીય નેતાઓ જવાબદાર રાજ્યતંત્રની માગણી કરતા હતા. તેથી ઠાકોરસાહેબ દૌલતસિહજી (૧૯૦૮-૯૪૦)ના મોટા પુત્ર યુવરાજ દિગ્વિજયસિંહજી અને કુમાર કારભારી (દીવાન) ફતેસિંહજીએ મુંબઈમાં રહેતા લીંબડીના આગેવાનોને ૧૯૩૮ના નવેમ્બરમાં લીંબડી આવી વાટાઘાટો કરવા આમંત્રણ આપ્યું. એના અનુસંધાનમાં એ આગેવાનો લીંબડી આવ્યા અને ૨૪મી ડિસેમ્બર, ૧૯૩૮ના રોજ રસિકલાલ ઉમેદચંદ પરીખના નેતૃત્વ નીચે 'લીંબડી પ્રજામંડળ'ની સ્થાપના કરી. એની સભ્યફી એક આનો (એટલે કે નવા ૬ પૈસા) રાખવામાં આવી હતી.

લીંબડીના યુવરાજ અને કુમાર કારભારી લીંબડી શહેરનો વહીવટ પ્રજાના પ્રતિનિધિઓને સોંપવા તથા લીંબડી શહેરમાં રાજકીય પ્રવૃત્તિઓ કરવાની છૂટ આપવા તૈયાર હતા, પરંતુ લીંબડી રાજ્યનાં ગામોમાં આવી છૂટ આપવા તૈયાર ન હતા. તેથી આગેવાનો દ્વારા લડત કરવાનું નક્કી થયું. શિયાણી, પાણશીણા, રળોલ, બળોલ, પચ્છમ, બરવાળા, હડાળા વગેરે ગામોમાં લીંબડી પ્રજામંડળની શાખાઓ ખોલવામાં આવી. ૧૯૩૯ની ૧લી જાન્યુઆરીએ કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક લીંબડીમાં મળી. તેના પ્રમુખ દરબાર ગોપાળદાસ દેસાઈ અને મંત્રી ઉછરંગરાય ઢેબરનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તે દિવસે રાત્રે લીંબડીમાં જંગી સભા થઈ જેમાં શહેર અને આસપાસનાં ગામોમાંથી લગભગ ૧૫ હજાર માણસોએ હાજરી આપી.

૧૯મી ફેબ્રુઆરી, ૧૯૩૯ના રોજ લીંબડીમાં દરબાર ગોપાળદાસના પ્રમુખપદે પ્રજાકીય પરિષદ ભરવાનું નક્કી થયું. લીંબડી રાજ્યે એના પર પ્રતિબંધ મૂકવાને બદલે દમન અને અત્યાચારની નીતિ અપનાવી. પ્રજામંડળની સામે બ્રાહ્મણોના 'સનાતન મંડળ' અને મુસ્લિમોની 'મુસ્લિમ જમાત' રચના કરવામાં આવી. પ્રજામંડળના આગેવાનોને લીંબડી રાજ્યનાં ગામોમાં નહિ જવાની ચેતવણી આપવામાં આવી. જાંબુ ગામમાં ભક્તિબા દેસાઈની મોટર ઉપર હુમલો કરવામાં આવ્યો. પાણશીણા, રળોલ, શિયાણી અને કરસનગઢના પ્રજામંડળના કાર્યકરોને મારવામાં આવ્યા અને એમની મિલકત લૂંટી લેવામાં આવી. પરિષદમાં ભાગ લેવા દરબાર ગોપાળદાસ, લીલાવતી મુનશી, શાંતિલાલ શાહ, જીવણલાલ દીવાન, અર્જુન લાલા વગેરે નેતાઓ લીંબડી આવ્યા હતા.

૧૯મીએ બપોરે લીંબડીની સ્થાનકવાસી જૈન બોર્ડિંગમાં પ્રજા પરિષદ યોજાવાની હતી. એમાં ભાગ લેવા લીંબડી રાજ્યનાં ગામોમાંથી ઘણા ખેડૂતો અને વેપારીઓ આવ્યા હતા. પરંતુ પરિષદ શરૂ થાય એ પૂર્વે રાજ્યે રોકેલા માણસો લાઠીઓ તથા શસ્ત્રો સાથે લોકો પર તૂટી પડ્યા. એક કલાકમાં લગભગ ૭૦૦ માણસોને ઘાયલ કરવામાં આવ્યા. છતાં આગેવાનોએ સ્થળ બદલી સ્થાનકવાસી જૈનોની ભોજનશાળામાં પરિષદ ભરી અને લીંબડી રાજ્યમાં જવાબદાર રાજ્યતંત્રની માગણી કરતા તથા સામુદાયિક હિંસાને વખોડી કાઢતા બે ઠરાવો પસાર કર્યા.

લીંબડી રાજ્ય સામે આંદોલન શરૂ થયું હોવાથી એમાં સામેલ થનારા લીંબડી રાજ્યમાં રહી શકે તેમ ન હતા. તેમાંના ઘણા હિજરત કરી વઢવાણ કૅમ્પ (સુરેન્દ્રનગર), જોરાવરનગર અને વઢવાણ ગયા. ધોળકા પાસેના અરણેજ ગામની ધર્મશાળામાં હડાળા, દેવપરા, જસાપર, ઘનશ્યામપર અને અન્ય ગામોના હિજરતીઓ માટે કૅમ્પ ખોલવામાં આવ્યો. લીંબડી પ્રજામંડળે સમગ્ર હિંદમાં લીંબડી રાજ્યના રૂનો બહિષ્કાર કરવાનું એલાન આપ્યું.

હિજરત લંબાતાં હિજરતીઓની આર્થિક સ્થિતિ કફોડી બની. એ દરમિયાન લીંબડી રાજ્યના ઠાકોર દોલતસિંહજીનું ૧૯૪૦માં અને ઠાકોર દિગ્વિજયસિંહજીનું ૧૯૪૧માં અવસાન થયું. ૧૩-૫-૧૯૪૨ના રોજ લડતના સમાધાનનો એક પ્રયાસ થયો, પરંતુ છેલ્લી ઘડીએ નિષ્ફળ ગયો. અંતે વહીવટદાર જે. પી. નિકોલસનના સમયમાં ૧૯૪૩માં આ લડતનું આખરી અને સર્વસંમત સમાધાન થયું. આ સત્યાગ્રહમાં ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની દોરવણી નીચે રસિકલાલ ઉમેદચંદ પરીખ, ચિમનલાલ ચકુભાઈ શાહ, બાપાલાલ કેશવલાલ દોશી, ભાઈલાલ મગનલાલ વકીલ, દુર્લભજી

ઉમેદચંદ પરીખ, ભાઈચંદ જેચંદ મહેતા, ભગવાનલાલ હરખચંદ શાહ, અમૂલખ અમીચંદ મણિયાર, કેશવલાલ મૂળચંદ લગડીવાળા, દરબાર ગોપાળદાસ દેસાઈ, ભક્તિબા દેસાઈ, ચંચળબહેન દવે વગેરેએ નેતાગીરી સંભાળી હતી. આ સત્યાગ્રહ ૧૯૩૯થી ૧૯૪૩ સુધી ચાલ્યો અને એણે સમગ્ર ગુજરાત, મુંબઈ રાજ્ય તથા હિંદનું ધ્યાન દોર્યું હતું.

# આઝાદીના આશિક અંધ કવિ ''હંસ''

**દૌલત ભટ્ટ**

**આ**ઝાદીનો આહલેક સાંભળીને અમદાવાદ આળસ મરડીને ખડું થઈ ગયું હતું. સ્વાતંત્ર્ય સંગ્રામમાં અનેક યુવાનો મા ભોમની મુક્તિ માટે મરજીના થઈને લડી રહ્યા હતા. આ સમયમાં અંધ કવિ ''હંસે'' દેશભક્તિના ગીતો રચીને ઘરે ઘરે ગુંજતાં કર્યા હતાં, તેમનું પુરું નામ હંસરાજભાઈ કાનાબાર, વતન એમનું અમરેલી. ગીત રચના જેમ તેમને સહજ હતી એમ દિલરૂબા પર એમનો કાબૂ અજોડ હતો. એમના ગળામાંથી ગીતોનો ગુંજારવ થતો ત્યારે દિલરૂબામાંથી ઉઠતાં આંદોલનો સ્વર શબ્દો સાથે સંધાન કરતાં ત્યારે દેશભક્તિની ભભક ઉઠતી.



અંધ કવિ ''હંસે'' અમદાવાદના માણેક ચોકમાં જાહેર સભામાં ગીતો ગાવાની જાહેરાત કરી. આ જાહેરાતની જાણ થતાં સરકારે તેની સામે મનાઈ ફરમાવી. એ મનાઈ હુકમની પરવા કર્યા વગર જાહેર કાર્યક્રમ યોજાયો. લોકમેદની હક્કડેઠઠ ભરાણી હતી. મેડીના ઝરૂખા અને અગાસીઓ પણ માણસોથી ભરાઈ ગઈ હતી. સરકારી હુકમનો અનાદર કરીને કવિ 'હંસે' દિલરૂબાને છેડ્યું. એમાંથી સૂર સર્યા, શ્રોતાઓના કાન સરવા થયા, તેમણે પોતાની રચેલી દેશ ભક્તિની રચનાને ઘેરા કંઠમાં ઝબોળીને વહેતી મુકી.

*પરદેશી ભૂખ્યા ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં.*
*ઉતરિયાં કંઈ આથમણે ઓવાર રે.*
*પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં.*
*પૂરી પનૌતી બેઠી દેશની,*
*અટારીએ કંઈ ભેરવના ભણકાર રે...*
*પરદેશી.*

*એવે આવ્યા ગાંધીજી મોખરે,*
*દેશ આખાની ઉડાડી દીધી ઊંઘ રે...*
*પરદેશી.*

*પાયા ડગમગિયા બ્રિટિશ રાજના,*
*ડોલતાં એનાં સિંહાસન દેખાય રે... પરદેશી*

સભા પર અંગ્રેજ પોલીસના ડંડા પડ્યા, માણસોમાં નાસભાગ મચી રહી. પોલીસે અંધ કવિ 'હંસ'ની ધરપકડ કરી. બીજા દિવસે ઉઘડતી અદાલતમાં આ દેશભક્ત કવિને ખડા કરવામાં આવ્યા.

પહેલો સવાલ થયો : 'જાહેરમાં ગીત ગાવાના કાર્યક્રમ પર મનાઈ હુકમ ફરમાવવામાં આવેલો તે તમે જાણતા હતા ?'

હંસનો જવાબ હતો : 'હા'

'તમે હુકમનો ભંગ કરી ગુનો કર્યો છે ?'

'તે ગુનો મને કબૂલ છે.'

''જાહેરમાં ગીતનો કાર્યક્રમ રાખવા પાછળ તમારો ઈરાદો શું હતો ?''

''દેશમાંથી અંગ્રેજ સલ્તનતને ઉખેડી નાખવા જનજાગૃતિ લાવવાનો.''

કવિ 'હંસ'ને છ મહિનાની સજા સુણાવી.

સજા સાંભળીને કવિ હંસે શિઘ્ર રચના સંભળાવી :

*જ્યાં ઉભા અન્યાયના મહેલ*
*ત્યાં સુજનને સહેવી ઘટે જેલ*

કવિ 'હંસ'ને સાબરમતી જેલમાં મોકલી આપવામાં આવેલા. આ કવિ આજીવન આઝાદીના લડવૈયા રહ્યા હતા અને જીવનભર ખાદી ધારણ કરી હતી. તમામ ગીતો દેશભક્તિનાં લખ્યાં હતાં. તે સમયે ''પરદેશી ભૂખ્યા''નું ગીત ઘરોઘર ગુંજતું થયેલું. તેમનાં ગીતોનો સંગ્રહ પણ બહાર પડ્યો હતો.

❖❖❖

જીવનમાં આપવા જેવું શ્રેષ્ઠ શું છે ? શત્રુને ક્ષમા આપીએ, મિત્રને હૃદય આપીએ, સંતાનને આપણા આદર્શ જીવનનું દૃષ્ટાંત આપીએ, પિતાને સન્માન આપીએ.માતાને એ ગર્વ લઈ શકે એવા એની કૂખને ઉજાળનારા વર્તનની ભેટ આપીએ, દીનજનોને દાન આપીએ અને આપણને પોતાને પ્રતિષ્ઠા આપીએ.

# સત્યાગ્રહીની વાત એમની જ કલમે...

☐ શાંતિલાલ ચત્રભુજ શાહ

**બા**લ્યકાળમાં માતાપિતાનું ધાર્મિક સિંચન-રાષ્ટ્રીય વિચારોના સંસ્કારો, રાષ્ટ્રીય સંત કવિવર્ય નાનચંદ્રજી મહારાજ-સાહેબની રાષ્ટ્ર ચળવળની પ્રેરણાથી મૃદુલા સારાભાઈ લીંબડી આવેલ અને હરીપુરા મહાસભામાં સ્વયંસેવક તરીકે જોડાવા માટે અપીલ કરેલ. હું પણ સ્વયંસેવક તરીકે જોડાયો અને લીંબડીથી સ્વયંસેવક ટુકડીમાં હરિપુરા ગયેલ નેતાઓની કુટીર ઉપર ફરજ માટે મુકવામાં આવ્યો - નેતાઓને નજીકથી જોવાનો અને મળવાનો મને ચાન્સ મળ્યો.

રાજકોટ વીરાવાળા સામેની પ્રજાકિય લડતમાં લીંબડીથી સ્વયંસેવકોની ટુકડીમાં જોડાયો. લાભુબહેનની છાવણીમાં અમે ગામડામાં હતા. - દરબારગઢ ઉપર પીકેટિંગ કરવા આવતા અને અમને ટીંગાટોળી કરીને દરબારગઢમાં ફેંકતા. ત્યારબાદ ગામડામાં છોડી મુકતા - આમ રાજકોટની લડતમાં ભાગ લીધો છે.

લીંબડી પ્રજામંડળે લીંબડી અધિવેશન બોલાવેલ દરબાર ગોપાળદાસ દેસાઈના પ્રમુખ સ્થાને - રસિકભાઈ પરીખ વગેરેને અધિવેશન ભરવા દેવામાં ન આવ્યું. દરબાર સાહેબની ધરપકડ કરવામાં આવી એ બાદ મહાત્મા ગાંધીજીની સલાહ અનુસાર લીંબડીની ઐતિહાસિક હિજરત થઈ – દેશી રાજ્યોની લડતમાં આ નવો અભિગમ હતો. અમે હિજરત કરીને અમારા ઘર-દુકાન છોડી સુરેન્દ્રનગર આવ્યા.

રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય રસ લેવાનું શરૂ થયું. - ખાદીફેરી કરતા, ગાંધીકુટિર બનાવતા, પ્રભાતફેરી વિ. ચળવળમાં સક્રિય હતો.



**પૂજ્ય પિતા ના સ્વહસ્તે લખાયેલી નોંધ અહીં રજૂ કરતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. કેટલીયે વાર તેમની પાસેથી આ વાતો સાંભળવા નું સદ્‌નસીબ મળ્યું છે. જીવનભર સત્ય અને પ્રામાણિકતાના પંથે ચાલનારા શાંતિભાઈને નરેન્દ્ર મોદી અને પ્રણવ મુખરજી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે.**

**- સંધ્યા શાહ**

૧૯૪૨માં 'કરેંગે યા મરેંગે'ની હાકલ થઈ – અમે અને અમારા સાથી મિત્રોએ ભૂગર્ભમાં રહી પત્રિકા છાપી. સ્વયંસેવકદળ દ્વારા સુરેન્દ્રનગરમાં તે વહેંચાવતા. પોષ્ટઓફિસો સળગાવતા વિગેરે ભૂગર્ભ પ્રવૃત્તિ કરતા. ધરપકડનું વોરંટ નીકળ્યાના સમાચાર મળતાં અમે વિખેરાઈ ગયા. તે મિત્ર મુંબઈ ગયો અને હું મધ્યપ્રદેશ ગયો. આવ્યો ત્યારે ચિમુર હત્યાકાંડના વિરોધમાં આચાર્ય ભણશાલી ઉપવાસ ઉપર ઉતરેલા - તે અંગે મેં એક પત્રિકાનું લખાણ કર્યું. અમારૂં સાઈકલોસ્ટાઈલ મશીન વિ. જપ્ત થઈ ગયું હતું. દરમ્યાન રાજકોટથી એક અંગ્રેજ અફસર સુરેન્દ્રનગર વિઝિટે આવેલ અને ત્યાં જ બરોબર બોમ્બ ફુટ્યો ! અને એ અંગે મારી ધરપકડ કરવામાં આવી. ત્રણ દિવસ-રાત લોકઅપમાં હાથ-પગમાં બેડી પહેરાવી લોકઅપમાં રાખ્યો. લોકઅપ-માંથી પોલીસ ઓફીસમાં લઈ જવામાં આવ્યો. અને ખૂબ માર મારવામાં આવ્યો. કરન્ટ આપવાની અને બરફની પાટ ઉપર સુવડાવવાની વાત થતી - ઘરે જડતી થતાં મારી લખેલી પત્રિકા તેમના હાથમાં આવી. ચીમુરના હત્યાકાંડ અંગેની.

ત્રણ દિવસના રીમાન્ડ બાદ રાજકોટ સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવ્યો. - ત્યાં કેદીના કપડા પહેરાવી ફાંસીખોલીમાં લગભગ એક માસ રાખવામાં આવ્યો. બાદ કેસ ચાલ્યો ને ન્યાયાધીશે કહ્યું કે તું નાનો છોકરો છે. - માફી માંગી લે તો છોડી દઉં. પણ એ ખુમારી જુદી હતી. મેં કહ્યું હું માફી નહિં માંગુ તમારે જે સજા ફરમાવવી હોય તે ફરમાવો.

પણ મારી નાની ઉંમરના કારણે ત્રણ મહીનાની સજા થઈ હું રાજદ્વારી કેદી ભેગો રહેવા આવ્યો. - *ઉચ્ચ કક્ષાના કેદીઓ જયંતીભાઈ માલધારી, બાલકૃષ્ણ દવે, મનુભાઈ ની સાથે રહેવાનું મળ્યું . વાંચન અને લેખનના રસ વધ્યો. ૧૦૦ પુસ્તકોનું વાંચન કર્યું.*

*અમને બધાને જેલમાં મહેલ જ લાગ્યો. ભારત માતાની આઝાદી માટેનું કેટલું ઝનૂન ! સહું કોઈના હૈયામાં મરી ફીટવાની કેવી તમન્ના ! એક મૂઠી હાડકાનો માનવી હુકમ કરે અને લાખો લોકો ઘર-બાર છોડીને મરી ફીટવા તૈયાર થાય - ખરેખર એ ગજબ ચમત્કાર હતો...*

*ગાંધી ચિંધ્યા માર્ગે જિંદગીનું સાચું ઘડતર થયું. માતૃભૂમિ માટેનું તર્પણ થયું...''*

**- શાંતિલાલ ચત્રભુજ શાહ**

# શ્રદ્ધાનુભૂતિ

☐ ગુણવંત શાહ

સૂરજ આથમવાની તૈયારીમાં હતો. સાગરના કિનારે પ્રાર્થના કરી રહેલા સાધુને કોઈ નાસ્તિકે પૂછ્યું : 'ભગવાન છે એની તમને ખાતરી છે ?' સાધુએ જવાબ આપ્યો : ''આ સામે તેજોમય આકાશમાં લાલચોળ સૂર્ય દેખાય છે, તે ભગવાનનું ચિત્રકામ છે. જ્યાં નદીઓ વહે છે ત્યાં મને ભગવાનની કરુણા વહેતી હોય એવો ભાવ જાગે છે. વાદળોની ગર્જનામાં મને એનો સાદ સંભળાય છે. ઊંચાં ઊંચાં શિખરોના થીજેલા બરફ પર મને ધ્યાનસ્થ શિવ બેઠા હોય એવું લાગે છે. વૃક્ષોને પાંદડે પાંદડે મને પરમેશ્વરનાં દર્શન થાય છે. કોઈ માતા નજરે પડે ત્યારે મને પ્રેમસ્વરૂપ પરમેશ્વરની પ્રતીતિ થાય છે. સમગ્ર સૃષ્ટિમા જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં મને એના અણસારા વરતાય છે.

માણસ શ્રદ્ધા વિના તરી ન શકે અને અંધશ્રદ્ધા વિના ડૂબી ન શકે. શ્રદ્ધા વગરનો કોઈ નાસ્તિક હજી પેદા નથી થયો. વિમાનમાં મુસાફરી કરનાર નાસ્તિકને પણ વિમાન બનાવનાર કંપની પર, વિમાન ચલાવનાર પાઈલટ પર અને એરપોર્ટ પર કૅબિનમાં બેસીને રડાર નીરખનારા સ્ટાફ પર પૂરેપૂરી શ્રદ્ધા હોય છે. ટ્રેનમાં લાંબી મુસાફરી દરમ્યાન પોતાના પાટિયા પર રાતે સૂતેલા આદમીને એંજિત ડ્રાઈવર પર અને અનેક સ્ટેશનો આગળ પાટો બદલનારા સિગ્નલમૅન પર શ્રદ્ધા હોય છે. શ્રદ્ધા જીવનદ્રવ્ય છે. અંધશ્રદ્ધાને કારણે શ્રદ્ધા જેવી ઉમદા બાબત અમથી વગોવાય છે. નાસ્તિકને પણ 'ઈશ્વર નથી' એવી શ્રદ્ધા હોય છે. એની કહેવાતી અશ્રદ્ધા પણ આંધળી હોઈ શકે છે.



કાર્લ સેગન જેવા વિજ્ઞાનઋષિએ ઈશ્વરની સાબિતી માગનારા લોકોને એક જ વિધાનમાં બધું કહી દીધુંઃ 'પુરાવાનો અભાવ એ કંઈ અભાવનો પુરાવો નથી.' આજનો ટેક્નોમાનવ થોડોક સાબિતીઘેલો છે. ક્યારેક એ શ્રદ્ધાને સામે છેડે બુદ્ધિને મૂકી દે છે. ખરી વાત એ છે કે બુદ્ધિની સૂક્ષ્મતમ કક્ષાએ શ્રદ્ધાનો ઉદય થતો હોય છે. બુદ્ધિ સાબિતીની સહચારિણી છે, જ્યારે શ્રદ્ધા પ્રતીતિની પૂજારણ છે. બંને વચ્ચે બાપેમાર્યાં વેર નથી. કોઈ ન્યાયમૂર્તિ કેસનો આખરી ચુકાદો આપે ત્યારે સાબિતી કે પુરાવા પર આધાર રાખ્યા પછી પણ અંદરથી ઊગેલી પ્રતીતિની અવગણના નથી કરતો. સાબિતીના શિખર પર પ્રતીતિ વિરાજમાન છે. બુદ્ધિદેવીના મંદિર પર શ્રદ્ધાની ધજા આકાશમાં ફરફરતી રહે છે. માતાના પ્રેમની સાબિતી ન હોય, એની પ્રતીતિ જ હોય; આમ કહેવામાં સાબિતીનું અવમૂલ્યન નથી.

> કોઈ ખુશીમાં રડ્યું છે,
> તો કોઈ દુઃખમાં રડ્યું છે.
> ગજબ છે ખેલ જીંદગીનો-
> કોઈ વિશ્વાસ માટે રડ્યું છે
> તો કોઈ વિશ્વાસ કરીને રડ્યું છે.

ગોપીનાથજી માનતા કે શાંતિ એ જ ભગવાન છે.

સોફોક્લીસ માનતો કે સત્ય હંમેશાં સૌથી 'મજબૂત દલીલ' છે. જે સત્યવાદી હોય તેનો પ્રભાવ પડે તે વાતનું આ જ રહસ્ય છે. સાધક પ્રતિક્ષણ પોતાની શ્રદ્ધાને માંજી માંજીને સ્વચ્છ બનાવતો રહે છે. ગીતામાં કૃષ્ણ કહે છે : **સત્** શબ્દ સદ્ભાવમાં અને સાધુભાવમાં પણ પ્રયોજાય છે. કલ્યાણકારક કર્મો માટે પણ **સત્** શબ્દ પ્રયોજાય છે. અશ્રદ્ધાથી યજ્ઞ, દાન, તપ કે જે કંઈ કરવામાં આવે તે **સત્** કહેવાય છે.'' આમ, શ્રદ્ધાનો નાળસંબંધ **સત્** સાથે રહેલો જણાય છે. આ છે 'સત્ત્વાનુરૂપા' શ્રદ્ધા !

પૃથ્વી પરથી વિજ્ઞાનીઓ રૉકેટયાન આકાશમાં રવાના કરે છે. એ રૉકેટયાનમાં બેઠેલા અવકાશયાત્રીઓને વિજ્ઞાનીઓ પર જબરી શ્રદ્ધા હોય છે. વિજ્ઞાન પણ શ્રદ્ધાવિહોણું નથી હોતું. આઈન્સ્ટાઈન પરમ શ્રદ્ધાળુ ઈશ્વરભક્ત હતો. શ્રદ્ધા અને વિજ્ઞાન વચ્ચે કોઈ આંતરવિરોધ નથી.

❖❖❖

# આઝાદીના ઉજ્જ્વળ ઈતિહાસનું એક પૃષ્ઠ

મોહન દાંડીકર

ઉત્તરપ્રદેશમાં આગ્રા પાસે એક કસબો છે. મૈનપુરી, અંગ્રેજોની ગુલામીના દિવસોમાં આ મૈનપુરી ક્રાંતિકારીઓની કર્મભૂમિ હતું, ગઢ હતો. ચંદ્રશેખર આઝાદ, રામપ્રસાદ બિસ્મિલ જેવા નામી ક્રાંતિકારીઓ અહીં આવીને સાવિત્રી ધર્મશાળામાં ઊતરતા હતા અને દેશને આઝાદ કરવા માટેની છૂપી ચળવળ અહીં ચલાવતા હતા. એ દિવસોમાં આ ધર્મશાળા દેશ માટે કુરબાની આપનાર જવાંમર્દોની તીર્થભૂમિ બની ગઈ હતી. અહીંના અનેક યુવાનો દેશની આઝાદીની લડત સાથે જોડાયેલા હતા.

તે દિવસોમાં આપણા હિંદીના સુપ્રસિદ્ધ વાર્તાકાર, નવલકથાકાર, કમલેશ્વર આઠમા ધોરણમાં ભણતા હતા. માંડ બારેક વરસની ઉંમર હશે. પિતા તો નાનપણમાં જ ગુજરી ગયા હતા. મા જ સર્વસ્વ હતાં. માએ જ એકડો ઘૂંટતાં શીખવ્યું હતું. જોકે મા કંઈ ઝાઝું ભણ્યા નહોતાં. પણ દીકરાને ભણાવવાની ખૂબ હોંશ હતી. દીકરો પણ ભણવામાં ખૂબ હોશિયાર હતો. એ આ ક્રાંતિકારીઓના પરિચયમાં આવ્યાં હતાં. દેશની આઝાદી માટે લડતા આ યુવાનો તરફ તેઓ આદરથી, અહોભાવથી જોતાં હતાં. છૂપી રીતે તેમને મદદ પણ કરતાં હતાં. એક દિવસે એ ક્રાંતિકારીઓના આગેવાન યોગેશ ચેટરજીએ આવીને માને વિનંતી કરી : આ તમારો દીકરો અમને આપી દો, દેશસેવા માટે એની જરૂર છે.

મા ઘડીક તો મૂંઝાયાં. અવઢવમાં પડી ગયાં. દીકરા માટે અતિ મમતા, મોટી મોટી આશા બાંધીને બેઠેલાં. છતાં મા એમને ના ન પાડી શક્યાં. આથી કમલેશ્વર આઠમાં ધોરણમાં ભણતા હતા. ત્યારથી જ ક્રાંતિકારી દળમાં જોડાઈ ગયા અને સંવાદિયા એટલે સંદેશવાહક તરીકે ક્રાંતિકારીઓના છૂપા સંદેશ લાવવા લઈ જવાનું કામ કરવા લાગ્યા. ત્યાં એક દિવસે પકડાઈ ગયા. ૧૯ દિવસ જેલની હવા ખાવી પડી. તે દરમિયાન તેઓ રામપ્રસાદ બિસ્મિલના સંપર્કમાં આવ્યા. તેમના ક્રાંતિકારી વિચારોથી, દેશને ગુલામીના દોજખમાંથી છોડાવવાની તેમની ઝંખનાથી, તેઓ ખૂબ જ પ્રભાવિત થયા.

પણ નિયતિના નકશામાં કંઈ જુદું જ ચિતરાયું હશે. એટલે થોડા દિવસ પછી અચાનક રામપ્રસાદ બિસ્મિલ પોસીલને હાથે ઝડપાઈ ગયા. તેમની ઉપર દેશદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો. દેશદ્રોહી ચળવળ માટે તેમને ફાંસી આપવામાં આવી. તેઓ શહીદ થઈ ગયા.

> 'ઓ બંદી ! તું જ જંજીર ભેજવા
> બનજે વજ્ર સમાન,
> તું દાવાનલનો ભડકો થઈ ગાજે વિપ્લવનાં ગાન,
> ઉદયોન્મુખ આગે ધપતી,
> અમ સેના ચાલી જાય,
> ડગ માંડે રડતી રડતી,
> એક જ શ્રદ્ધા ઉરમાંય,
> સ્વાતંત્ર તણા સાચા આશકના પડશે એવા ઘાવ
> પૃથ્વી પરથી જાલિમદળનું કરશે કામ તમામ
> ગાઓ વિપ્લવનાં ગાન.'

તેમના એક બહેન હતાં, શાસ્ત્રીદેવી, તેમનાથી નાનાં. પણ મનથી મોટાં. મક્કમ મનોબળ ધરાવનારાં, તેઓ ક્રાંતિકારી દળમાં જોડાઈ ગયાં અને કામ કરવા લાગ્યાં. તેઓ પોતાના કપડાંમાં હથિયારો સંતાડીને ક્રાંતિકારીઓને પહોંચાડતા હતાં. કામ ઘણું જોખમી હતું. પકડાઈ જાય તો ફાંસીએ જ લટકાવી દે. પણ આ તો શાસ્ત્રીદેવી, રામપ્રસાદ બિસ્મિલનાં બહેન, ફાંસીથી ડરી જાય એવાં કયાં હતાં ? મોતને મુઠ્ઠીમા લઈને એ કામ કરતાં હતાં. કમલેશ્વરજીએ એમને માટે ખૂબ જ માન, એમની આ વીરતા માટે અહોભાવ પણ ખરો.

પછી તો વરસો વહી ગયાં, દેશ આઝાદ થઈ ગયો. સહુ પોતપોતાને કામધંધે લાગી ગયાં. આઝાદી પછી કમલેશ્વર પણ દૂરદર્શનમાં સ્ક્રિપ્ટ રાઈટર તરીકે જોડાઈ ગયા. મૈનપુરી છોડીને દિલ્હી આવી ગયા. પણ તેઓ શાસ્ત્રીદેવીને ભૂલ્યા નહોતા. પોતાના ભાઈને ફાંસી અપાઈ ગઈ તે પછી તેઓ એકલા અટૂલાં પડી ગયાં હતાં. નિરાધાર બની ગયાં હતાં. કમલેશ્વરને થયું કે અમને કંઈક મદદ કરવી જોઈએ. મિત્રોને વાત કરી બધાએ ભેગા થઈને ફાળો એકઠો કર્યો. તે લઈને કમલેશ્વર એમને ગામ આપવા ગયા. ત્યાં ગયા ત્યારે ખબર પડી શાસ્ત્રીદેવી પથારીવશ હતાં. લકવાગ્રસ્ત હાલતમાં પીડાતાં હતાં, રિબાતાં હતાં. પાડોશીઓ ભલા હતા, તેમને ખબર હતી. દેશની આઝાદી માટે જેમણે પોતાનું બધું જ કુરબાન કરી દીધું છે તે ક્રાંતિકારી

રામપ્રસાદ બિસ્મિલનાં આ સગાં બહેન છે. એટલે તેઓ બધી જ રીતે એમની દેખરેખ રાખતા હતા. ટાઈમે જમવાનું પણ આપી જતા હતા.

કમલેશ્વરજીએ એમના ખબરઅંતર પૂછ્યા. પછી સંકોચાતાં સંકોચતાં ફાળાની વાત કરી ત્યારે શાસ્ત્રીદેવીએ કહ્યું: 'ભાઈ કમલેશ્વર, પેલા ગોખલામાં એક કવર છે. તે લઈ આવો. તેમાં બે પહોંચ છે, તે કાઢો. આ પૈસામાંથી પહેલાં તેમને ચૂકવી દો. એટલે મારી એક જવાબદારી પૂરી થાય.'

વાત એમ હતી કે દેશ જ્યારે સ્વતંત્રતાની લડત લડી રહ્યો હતો, ત્યારે ક્રાંતિકારીઓને પૈસાની જરૂર પડતી હતી. તે મેળવવા માટે તેઓ ક્યાંક ને ક્યાં ધાડ પાડતા હતા. મોટે ભાગે કોઈ જમીનદારને ત્યાં કે કોઈ વેપારીને ત્યાં. પછી બીજે દિવસે જેમને ત્યાં ધાડ પાડી હોય તેમને પત્ર લખીને જાણ કરતા હતા અને પહોંચ પણ મોકલતા હતા. ગઈકાલે તમારે ત્યાં અમે ધાડ પાડી છે. આટલા રૂપિયા લીધા છે. તેની આ પહોંચ છે. સ્વરાજ્ય આવશે. ત્યારે એ રૂપિયા તમને પાછા આપશું.

સ્વરાજ્ય તો આવી ગયું હતું. વરસો વીતી ગયાં હતાં. છતાં રૂપિયા આપણા નહોતા કેમકે મોટા ભાગના ક્રાંતિકારીઓને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા હતાં. રામપ્રસાદ બિસ્મિલને પણ ફાંસી અપાઈ ગઈ હતી, પણ એમનાં બહેન શાસ્ત્રીદેવીને ખબર હતી, આટલા લોકોને પૈસા આપવાના બાકી હતા. પોતે આપી શકે તેવી એમની સ્થિતિ નહોતી, પણ હવે આ ફાળાના પૈસા આવ્યા. એટલે કમલેશ્વરને એમણે કહ્યું, 'પહેલાં એમને પહોંચાડો.'

પોતે પથારીવશ છે. લકવાગ્રસ્ત છે. આવકનું બીજું કોઈ સાધન નથી. તે વખતે પણ એને વિચાર એ આવે છે કે દેશની સ્વતંત્રતા માટે એમણે લોકોને જે વચન આપ્યું છે તેનું પાલન કરો. જે ઋણ ચૂકવવાનું હજુ બાકી છે તે પહેલાં ચૂકવી દો, પછી બીજી વાત !

ધન્ય છે આવા દેશક્તોને ! એમના દેશ પ્રેમને ! ત્યાગના, સમર્પણના, કુરબાનીના આવા અનેક ઉજ્જ્વળ પ્રસંગોથી આપણા દેશની આઝાદીનો ઈતિહાસ મસ્તક ઊંચું રાખી શકીએ તેવો સમૃદ્ધ છે.

❖❖❖

# સાત કિંમતી રત્નો

(૧) **પહેલું રત્ન – માફી:** તમારા વિષે કોઈ ગમે એમ બોલે, પણ એને મનમાં ન લાવતા મોટા મનથી એને માફ કરો.

(૨) **બીજું રત્ન – ઉપકાર:** બીજાને કરેલો ઉપકાર ભૂલી જાઓ. ફળની આશા રાખો નહિ. નિઃસ્વાર્થ ભાવ રાખો.

(૩) **ત્રીજું રત્ન – વિશ્વાસ:** તમારી પોતાની મહેનત અને કર્મ પર અતૂટ વિશ્વાસ રાખો. બીજાના આધાર ની અપેક્ષા ન રાખો.

(૪) **ચોથું રત્ન – સંબંધો:** સામેના માણસની કાળજી આપણા કરાતાં વધારે રાખો જેથી સારા સબંધો બનશે અને એ સબંધો જાળવી રાખો.

(૫) **પાંચમું રત્ન – દાન :** કોઈ ને ઉદાર હાથે મદદ કરવી. સારા અને ઉત્તમ કાર્ય માટે સરળ હાથે દાન કરો. યોગ્ય પાત્રને દાન કરવાથી ધનની કમી થતી નથી. અને મનને આનંદ મળે છે.

(૬) **છઠું રત્ન – આરોગ્ય:** દરરોજ વ્યાયામ-યોગાસન કરો. નિયમિત ચાલવાની ટેવ પાડો અને નિરોગી રહો.

(૭) **સાતમુ રત્ન– સત્ય:** હમેશાં યાદ રાખો કે જન્મ અને મૃત્યુ અટલ છે એટલે ભુતકાળ કે ભવિષ્યકાળ માં ન જીવતાં વર્તમાનમાં જીવો. સત્ય વાતોનો સ્વીકાર કરો. સત્ય બોલો. કોઈપણ વાતના દુઃખને મનમાં રાખશો નહિ. સુખમય જીવન જીવો. દીનમાં રહીને જીવનને સરળ બનાવો.

✡✡✡

એકંદરે જીવન ખુબજ સુંદર છે. એને ભરપૂર મજાથી જીવો. માણસ જેમ બદલાય છે, તેમ નિસર્ગ - કુદરત પણ બદલાતી હોય એમ લાગે છે. નિસર્ગની કેટલી તાકાત છે એ આપણે જોઈ રહ્યા છીએ.

કુદરતના એક વિષાણુએ આપણને બતાવી દીધું છે કે પૈસા, સંપત્તિ, ગાડી, બંગલા, સોનું કે શ્રીમંતાઈ કરતાંયે આપણું જીવન મહત્વનું છે - જીવ મહત્વનો છે.


✡✡✡

નિત્ય સમાજ , કુટુંબ, પરિવાર સાથે રહો અને થોડું જતું કરવાની ભાવના રાખશો, તો ઈશ્વર સદૈવ પ્રસન્ન રહેશે.

# ગુરુએ કહ્યું : આજે ગોચરીમાં સચિત કે અચિત જે કંઈ મળે તેને સ્વીકારી લઈને સીધા ઉપાશ્રયે આવી જજો

આગમ સાહિત્યમાં ધનગિરિ નામના એક બ્રાહ્મણે જૈનદીક્ષા લઈને સાધુજીવન અંગીકાર કર્યાનું એક કથાનક આવે છે જે ઘણું રોચક અને પ્રેરક છે. આ બ્રાહ્મણ સ્વભાવે જિજ્ઞાસુ હતો. કોઈક પ્રસંગે તેને જૈનાચાર્યનો સમાગમ થયો. બ્રાહ્મણને તેને કેટલાય પ્રશ્નોના સમાધાન તેમની પાસેથી મળતાં ઘણો આનંદ થયો. આચાર્ય સાથે ધર્મચર્ચા કરતાં તેને લાગ્યું કે સંસાર છોડવા જેવો છે અને ચારિત્ર અંગીકાર કરવા જેવું છે પછી તો તેણે દીક્ષા લેવાનો વિચાર કર્યો. તે સમયે તેની પત્ની સુનંદા ગર્ભવતી હતી. ધનગિરિએ તેને પોતાનામાં જાગેલા ભાવોથી માહિતગાર કરી અને દીક્ષા લેવા માટે તેની સંમતિ માગી. આમ તે ઘરનો સુખી હતો તેથી સુનંદાને સંસાર ચલાવવાની ચિંતા ન હતી. સુનંદાને થયું કે પતિ થોડોક સમય રોકાઈ જાય તો સારું, છતાંય તેણે ધનગિરિના આત્માના હિતનો વિચાર કરી તેમને દીક્ષા લેવા સંમતિ આપી.

સમય જતાં સુનંદાએ પુત્રને જન્મ આપ્યો. પુત્ર રૂપાળો અને આનંદી હતો. જોતાં જ તે સૌને ગમી જતો હતો. પિતા ન હોવાને કારણે અડોશ-પડોશમાંથી સૌ સુનંદાની સંભાળ રાખતા હતા અને સ્ત્રીઓ સમય મળે ત્યારે બાળકને રમાડવા આવતી. એકવાર આ બાળક ઘોડિયામાં પડ્યો હતો અને સ્ત્રીઓ તેને હીંચોળતી હતી તે દરમિયાન તેમણે ધમગિરિના દીક્ષા લેવાની વાતની ટીકા કરી : આવો સુંદર બાળક, એકવાર તેને રમાડીને તેમણે દીક્ષા લીધી હોત તો શું ખાટું-મોળું થઈ જવાનું હતું! આત્માનું કલ્યાણ ખરું પણ સંસારમાં લીધેલી જવાબદારી ખરી કે નહિ ? આ ચર્ચા સમયે સુનંદા તો દૂર હતી પણ ઘોડિયામાં હીંચતા બાળકે દીક્ષા, સાધુ, ઉપાશ્રય વગેરે શબ્દો સાંભળ્યા. બાળક આમ તો અબુધ હતો પણ ગત જન્મના સંસ્કારને કારણે તેને જીવ ઉપરથી કર્મનું આવરણ થોડુંક ખસી ગયું અને તેણે પોતાનો ગત જન્મ જોયો જેમાં તે દીક્ષા લેવાનો હતો. તેની તે આકાંક્ષા બર આવી ન હતી અને તેનો



વસવસો તેને તે જન્મમાં જીવનભર રહી ગયેલો. ઘોડિયામાં હીંચતા બાળકે પૂર્વજન્મની સ્મૃતિને કારણે મનોમન સત્વરે દીક્ષા લેવાનું નક્કી કર્યું. તેને ખબર હતી કે માતાનો તે એકનો એક પૂત્ર છે અને તે જ માતાના જીવનનો આધાર છે. તેથી તેને તે ખ્યાલ આવી ગયો કે આ દીક્ષા લેવાની તેને સંમતિ નહિ આપે. તેથી તેણે મનોમન નિશ્ચય કરી લીધો કે ગમે તેમ કરીને એકવાર સાધુ થયેલ પિતા પાસે પહોંચી જાઉં પછી આગળનો માર્ગ સરળ થઈ જશે. તે માટે તે વિચારવા લાગ્યો. વિચાર કરતાં તેને લાગ્યું કે માને હું એવી પરેશાન કરી નાખું કે જેથી તે થાકીને-કંટાળીને મને મારા પિતાને સોંપી દે અને ઉત્પન્ન થયેલા જ્ઞાનમાં તે જોઈ શક્યો કે તે વાત સંભવી શકે તેમ છે.

આ માટે તેણે રડવાનું શાસ્ત્ર ઉગામ્યું. મા જ્યારે વિશ્રામમાં હોય, કોઈની સાથે કંઈ અગત્યની વાતચીતમાં હોય ત્યારે તે જોર જોરથી રડવા લાગે અને કેમેય કરીને છાનો ન રહે. બાળકના રડવાથી માતા થોડાક દિવસમાં એવી પરેશાન થઈ ગઈ કે તે મનોમન બોલતી રહી કે આ તો ખરી દીક્ષા, આ રીતે આત્મકલ્યાણ થતું હશે ? આ બાળકના ઉછેરની તેમનીય એટલી જ જવાબદારી છે. જો એકવાર તે મને મળે તો તેમને જ આ બાળક સોંપી દઈને કહું : ''લો, ઉછેરો તમે આ બાળકને - આવો સંસારમાં પાછા બાળક મોટો થાય પછી દીક્ષાનો ઓરતો પૂરો કરજો.'' અને યોગાનુયોગ આ અવસર આવી મળ્યો. વિહાર કરીને આગળ જતાં જતાં ધનગિરિ અને તેમના ગુરુએ આ ગામમાં થોડાક સમય માટે રોકાણ કર્યું.

પોતાનું કામ હતું તેથી ધનગિરિ ગોચરી લેવા નીકળતા હતા. એક વખત તેઓ તે માટે ગુરુની અનુજ્ઞા લેવા ગયા ત્યારે ત્રિકાળજ્ઞાની ગુરુએ કહ્યું : આજે ગોચરીમાં સચિત કે અચિત જે કંઈ મળે તેનો પ્રેમથી

સ્વીકાર કરી લેજો અને સત્વરે પાછા આવજો. ધનગિરિ આજે પોતાના ઘર બાજુએ જ નીકળ્યા અને ઘરે આવીને તેમણે સુનંદાને 'ધર્મલાભ' આપી ગોચરી વોરાવાનું સૂચન કર્યું. ધનગિરિને આવેલા જોતાં બાળકને પૂર્વજન્મના યોગે ખ્યાલ આવી ગયો કે આ મારા પિતા છે અને તેણે જોરજોરથી રડવા માંડ્યું. બાળકથી પરેશાન થયેલી માતાએ ગુસ્સામાં ને ગુસ્સામાં, ગોચરીની ઝોળી ફેલાવીને ઊભેલા ધનગિરિની ઝોળીમાં બાળકને પધરાવી દેતાં કહ્યું, ''લઈ જાઓ આ તમારા પુત્રને અને ઉછેરો હવે ઉપાશ્રયમાં'' સુનંદા કંઈ વિચારે તે પહેલાં તો ધનગિરિ 'ધર્મલાભ' કહીને ઘરની બહાર નીકળી ગયા અને ઉપાશ્રયે પહોંચી જઈને ગુરુ મહારાજ પાસે ઝોળી મૂકી દીધી.

બાળકના ભારથી ગોચરીની ઝોળી નમી પડી હતી અને બાળક હૃષ્ટપુષ્ટ હતું તેથી ગુરુમહારાજે તેનું નામ વજ્ર પાડ્યું અને સંઘના શ્રાવકોને બોલાવીને બાળકનો ઉછેર કરવાનું કહ્યું. બાળક પણ આસપાસ સૌ સાધુઓને જોઈને આનંદમાં આવી ગયું. ધનગિરિની ઝોળીમાં પડતાની સાથે જ તેણે રડવાનું બંધ કરી દીધું હતું. સંઘની ધર્મપ્રેમી શ્રાવિકાઓ બાળકને ઉલટથી ઉછેરતી હતી અને ઘણીવાર તે બાળકનું ઘોડિયુ જ ઉપાશ્રયમાં બંધાતું હતું. ધર્મનાં પ્રવચનો, આવશ્યકનાં સૂત્રો અને સજ્ઝાયો સાંભળતાં સાંભળતાં બાળક ત્રણ વર્ષનો થઈ ગયો. સદાય ઉપાશ્રયમાં સાધુઓ પાસે રમતા બાળકને જોઈ શ્રાવકો પણ પ્રસન્ન રહેતા હતા. ઉપાશ્રયમાં આવતી જતી શ્રાવિકાઓ દ્વારા સુનંદાને બાળકના સમાચાર મળતા રહેતા હતા. બાળક એટલો મીઠડો હતો કે તે સૌને ગમી જતો હતો.

હવે સુનંદાને પસ્તાવો થવા લાગ્યો કે બાળકને વોરાવી દેવામાં મેં મોટી ભૂલ કરી છે.

બાળક વિના સુનંદાનું જીવન શુષ્ક બની ગયું હતું અને બાળક તો ક્યારેય રડતો નથી અને નિરાંતે ઉપાશ્રયમાં રમ્યા કરે છે - તે જાણીને સુનંદાને બાળક પાછું લઈ આવવાનું મન થયુ અને એક દિવસે તેણે ઉપાશ્રયમાં જઈને ગુરુ મહારાજ પાસે બાળકની માગણી કરી.

ગુરુમહારાજે કહ્યું : સાધુની ગોચરીમાં જે કંઈ પડે તે સ્વીકારી લેવાનો સાધુનો આચાર છે અને હવે તેને પાછો ન આપી શકાય. થોડા સમયમાં તે દીક્ષા માટે તૈયાર થઈ જશે અને હવે અમે તેને સાધુ બનાવીને ઉપાશ્રયમાં અમારી સાથે જ રાખીશું. ધનગિરિએ પણ ગુરુની વાતને ટેકો આપતાં કહ્યું : ''આ બાળકના કલ્યાણ માટે હવે તમે આવી જીદ ન કરો. તેનો ભાવિભાવ જ એવો હશે.'' પરંતુ સુનંદા ન માની. બાળકને પાછો મેળવવા તે રાજદ્વારે ગઈ અને તેણે ન્યાય માગ્યો.

રાજા વિમાસણમાં પડી ગયા. તેમણે શ્રાવકો સાથે મસલતો કરી. ધર્મના આચારો સાધુઓ પાસેથી જાણ્યા પરંતુ માની લાગણીની પણ અવગણના થઈ શકે તેમ ન હતું. તેથી તેમણે એક દિવસે દરબારમાં સૌને હાજર કરી ન્યાય આપતાં કહ્યું : ''આપણે આ વાત બાળક ઉપર છોડી દઈએ છીએ. બાળક જેની પાસે સ્વેચ્છાએ જાય તે બાળકને રાખે.'' એક બાજુ માતા જાત જાતનાં રમકડાં અને ખાવાના પદાર્થો લઈને ઊભી રહી; બીજી બાજુ સાધુઓ અને ધનગિરિ ઊભા રહ્યા. વચ્ચે બાળકને મૂકી દેવામાં આવ્યો. બાળક બંને બાજુ જોતો જાય અને ધીમે ધીમે આગળ વધે. માએ તેને રમકડાં અને ખાવાની વસ્તુઓ ધરી પણ બાળક સ્મિત કરીને આગળ વધ્યો. આગળ ધનગિરિએ અને સાધુઓએ રજોહરણ ઊંચું કરીને હલાવ્યું. બાળકે દોડતા જઈને રજોહરણ પકડી લીધું અને ન્યાય થઈ ગયો. બાળકને ગુમાવી બેઠેલ માના હૃદયમાં વૈરાગ્યનો ભાવ જાગ્યો અને તેણે દીક્ષા લીધી.

બાળકને થોડા સમયમાં દીક્ષા આપવામાં આવી. તે જૈનધર્મનો જ્ઞાતા બની ગયો અને તેણે જૈનધર્મનું બહુજન સમાજમાં પ્રવર્તન કર્યું. જૈનધર્મનું બહુજન સમાજમાં પ્રવર્તન કર્યું. જૈનધર્મનો પાયો દ્રઢ કર્યો. દુષ્કાળમાં સંઘને બચાવી લીધો. જીવનમાં તેણે અનેક ચમત્કારો કરી જૈનધર્મની શાન વધારી મૂકી. આ બાળક આગળ જતાં વજ્રસ્વામી તરીકે ઓળખાયો અને તે જૈનધર્મના પ્રથમ પ્રભાવક તરીકે જાણીતો થયો. આ કથાનક જરા અસામાન્ય છે પણ તે ગતજન્મના સંસ્કારોની વાત કહી જાય છે. જીવનમાં કરેલું ક્યારેય નિષ્ફળ જતું નથી. માટે આ જન્મમાં આપણે જીવ ઉપર બને તેટલા સારા સંસ્કારો પાડતા રહીએ જેથી આવતા ભવોમાં પણ તે ઉદયમાં આવે અને આપણને ધર્મની પુનઃ પ્રાપ્તિ થાય.

**ચંદ્રહાસ ત્રિવેદી**

---

યહૂદીઓના ધર્મગુરુઓ રબ્બાઈ તરીકે ઓળખાય છે.

એક દિવસ રબ્બાઈના ઘરે મહેમાન પધાર્યા. ઘરમાં એક ટેબલ અને ખુરસી સિવાય બીજું કશુંય ન હતું. મહેમાને રબ્બાઈને પૂછ્યું. 'તમારા ઘરમાં ફર્નિચર નથી ?' રબ્બાઈ શાંત રહ્યા. ધીરે અવાજે એમણે મહેમાનને પ્રશ્ન કર્યો : 'તમારી પાસે પણ અત્યારે ફર્નિચર કયાં છે ?' મહેમાને આશ્ચર્ય સાથે કહ્યું: 'પણ હું તો અહીં મહેમાન છું.' રબ્બાઈએ તરત કહ્યું: 'હું પણ અહીં મહેમાન જ છું. જવાબ સાંભળીને મહેમાન મૌનમાં ગરકાવ થઈ ગયા !'

# નામસ્મરણની શક્તિ

ઈશ્વરના નામ સ્મરણમા કેટલી તાકાત હોય છે એનો એક પ્રસંગ આજે કહેવો છે. ૮૦ વર્ષ પહેલાંની આ વાત છે ઝાલાવાડના શિરોમણી અને ઝાલાવંશના માથાના મુગટ સમાન ધ્રાંગધ્રા સ્ટેટના સર અજીતસિંહજી રાજકુમાર કોલેજમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી ધ્રાંગધ્રા પરત ફર્યા, તેમનું રાજતિલક ધ્રાંગધ્રાના રાજા તરીકે કરવામાં આવ્યું અજીતસિંહજી રાજા બન્યા છતાં પણ રજવાડી પોશાક પેહરતા નહોતા માત્ર મીલિટરીનાજ કપડાં પેહરતા હતા.

સૌરાષ્ટ્રમા ઘણા રાજરજવાડા થઈ ગયા પણ એમા અજીતસિંહ મોખરે ગણાય સૌરાષ્ટ્રના તમામ રાજાઓમાં એક મજબૂત શાસક તરીકે દરબારશ્રી અજીતસિંહજીની હાક વાગતી હતી અજીતસિંહજીનો વેણ કોઈપણ નાના કે મોટા રજવાડાં ઉથાપવા તૈયાર નહોતાં. હવે પરગણામાં આવું જેનું નામ હોયતો એ રાજાની કાનૂન વ્યવસ્થા કેવી હશે અને એ રાજની જેલ કેવી હશે, જેલનો કાયદો કેવો હશે ? આવી જેની ધાક હોવા છતા પણ ઈશ્વરના નામ સ્મરણમા કેટલી તાકાત કેવી હોય એનો આ જીવતો જાગતો દાખલો છે.

આવી અજીતસિંહજીની હાક અને આવીજ એની જેલ અને જેલ પોલિસની સામાન્ય નોકરી કરતો એક માણસ જેમનું નામ દેશળ હતું દેશળ અજીતસિંહજીની જેલમા ત્રણ રૂપિયાના પગારે નોકરી કરતા હતા, હવે એ ત્રણ રૂપિયામાં ઘરનો વ્યવહાર ચલાવવાનો અને ઈમાનદારીથી નોકરી પણ કરવાની, નોકરી કરતાંકરતાં સમય મળેતો હરિ ભજન કરવા માટે ચાલ્યુ જવું. ગામમાં કોઈ પણ જગ્યાએ ભજન હોય અને દેશળ ભજનમાં ના હોય એવું બને નહી. જેલ પર રાત્રિના સમયે નોકરી હોય અને ગામમાં ભજન હોય અટલે દેશળને ચેન ના પડે



ગમે તેમ કરીને ભજનમાં જઈ આવે.

એવામાં એક દિવસ દેશળને જેલ પર રાત્રે પહેરા માટે જવાનું થયું. દેશળ જેલ પર જવા માટે ઘરેથી નીકળ્યા. રસ્તામાં એમને ગામનો એક માણસ મળ્યો અને જય માતાજી કહીને રસ્તો રોક્યો. દેશળે પણ સામો જવાબ વાળ્યો અને કહ્યું કે, 'ભાઈ, આજે ગામમાં ઘેલા કુંભારને ત્યાં ભજન છે.' દેશળે કહ્યું કે, 'મારાથી અવાશે તો હું જરૂર આવીશ પણ મારે જેલ પર પહેરો આપવા જવાનું છે.' એટલું કહી દેશળ જેલ પર પહોંચ્યા પણ જેલ પર તેમને સુખ વળતું નથી. તેમનો જીવ તો પેલા માણસે આપેલા ભજનના આમંત્રણમા હતો.

ભજનમા આરતી શરૂ થતાની સાથે દેશળને હૈયામા શાંતિ નથી થતી. આમતેમ આંટા દેવા માંડે છે. દેશળ સાથે નોકરી કરતા બીજા પાંચ પહેરેદારો સમજી ગયા અને પૂછી લીધું કે, 'કાં દેશળ ગામમાં ભજન લાગે છે નઈ ?' દેશળે બેચેનીથી જવાબ વળ્યો કે, 'મને ગમે ત્યાં ભજન હોય ને જો જવા ના મળે તો જીવન અને નોકરી બધું ધૂળ લાગે છે.'

સાથીઓએ કહ્યું કે દેશળ તારે ભજનમા જવું હોય તો નિરાંતે જા. અમે સાચવી લેશું. દેશળે કહ્યું કે 'હું કેવી રીતે જઈ શકું ? મારી નોકરી જેલ પર પહેરો આપવાની છે. ભજનમા જવાની ઈચ્છા તો ઘણી થાય છે પણ પહેરો છોડીને ના જવાય. રાત્રિના જેલ પર પહેરો આપી રહેલા 'દેશળના સાથી માંથી એક માણસ કહે છે'... દેશળ, ભજનમા જવાની ઈચ્છા હોય તો લાવ બધી ચાવીઓ, તારે જવું હોય તો જઈ આવ, કોઈને કાનોકાન ખબર નઈ પડે પણ પછી વહેલો પાછો આવી જજે.'

દેશળે કહ્યું કે, 'મારા ગયા પછી તમે સંભાળી શકશો ?' કારણ કે જેલમાં બહારવટિયા અને જાસૂસો પુરેલા હતાં... દેશળ, 'વિશ્વાસ નથી અમારા પર ?' એમ કહી એનો સાથીદાર જરા નિરાશ થઈ ગયો. દેશળે કહ્યું કે, 'વિશ્વાસ તો છે, તમે કહો છોતો હું ભજનમા જઈ આવું ત્યાં સુધી ધ્યાન આપો તો એક ચોહર કરીને આવી જઈશ. લો, આ ચાવીઓ રાખો.'

એ સાથીએ કહ્યું કે, 'જવું હોય તો જા પણ એક ચોહર કરીને આવતો રહેજે. મોડું કરતો નહી, આ સર અજીતસિંહજીની જેલ છે એ તને ખબર છે, ગમે ત્યારે ધુનકી ઉપડે અને આંટો દેવા આવે તો આપણા બાર વગાડી દે એટલે બે ભજન ગાઈને આવતો રહેજે.' દેશળ સાથીઓને બે ભજન ગાઈને અબઘડી આવું છું કહીને જેલ પરથી નીકળી ગયા. રાત્રે અગિયાર વાગ્યે સીધા ભજનમા જઈ રામસાગર હાથમા લીધો. આંખોમાંથી આપોઆપ આંસુઓ વહેવા લાગ્યા. રામસાગર હાથમા રાખી દેશળ ભજનમા લીંન બની જાય છે. દેશળ ભજનમા એવા ખોવાયા કે સમયની ખબર રહી નહી અને ક્યારે અગિયાર ના બાર અને બારના બે થઈ ગયા દેશળ પ્રભુ ભક્તિમાં ભાન ભૂલી ગયા.

જેલ પર રાત્રિના બે વાગ્યાના ડંકા પડતાની સાથે બાંગડદા બાંગડદા ધુમાં

બાંગડદા કરતાં ઘોડાના ડાબલા સંભળાયા. વીસેક ઘોડેસવારો સાથે સર અજીતસિંહજી જેલ પર આવ્યા અને પહેરેદારો બધા સાવધાન મુદ્રામાં પૂતળા ઉભા કર્યા હોય એમ ખોડાઈ ગયા. સર અજીતસિંહજીએ આવતાની સાથે હાકલ કરી કે ''જમાદાર'', અને અંદરથી અવાજ આવ્યો જી, 'સરકાર હુકમ'...

અજીતસિંહજીએ સવાલ કર્યો કે, 'સબ સલામત ?' દેશળે સામો જવાબ વાળ્યો, 'હા બાપુ આપના રાજમાં સબ સલામત જ હોયને ! કોની માની મગદુર છે કે આપની મરજી વગર પત્તુ ફરકાવી જાય ?' અજીત-સિંહજીએ એને બહાર આવવા હુકમ કર્યો, દેશળ બહાર આવ્યા અને મુલાકાતીની ચોપડી આપી. 'સરકાર, લ્યો, આમાં મુલાકાતમાં આપની સહી કરો.' એ જેલનો કાયદો હતો કે ગમે તે મુલાકાતી આવે એનું નામ સમય અને આવવાનું કારણ અંદર લખાતું.

અજીતસિંહજીએ એ સહી કરી દેશળની સામે જોયું અને કહ્યું કે, 'બધુ બરાબર છે ?' અને અચાનક સવાલ પૂછી નાખ્યો કે, 'દેશળ, તને ભજનમા જવાનો બહુ શોખ છે એવું મે સાંભળ્યુ છે. દેશળને પણ જાણે ખબર હતી કે આવો સવાલ થશે એણે થોડી રમૂજ સાથે ધીમેથી જવાબ વાળ્યો કે, 'હા, સરકાર નોકરીની પાળી બદલાય ત્યારે બેઘડી જઈ આવું અને ભજન કરી આવું.' 'ઠીક છે એટલું કહી અજીતસિંહજી ઘોડાને પાછા વાળીને જેલ કમ્પાઉન્ડમાંથી બહાર નીકળ્યા.'

ઘોડાને લઈ હજુ થોડાજ આગળ પહોંચ્યા હશે ત્યાંતો ભજનનો અવાજ કાને પડે છે. અજીતસિંહજી સાથે રહેલા એક ઘોડેસવારે અજીતસિંહજીને કહ્યું કે, 'સરકાર, આ અવાજ દેશળ ભગતનો છે આ ભજન દેશળ ભગતજ ગાય છે.' અજીતસિંહજી થોડાં નારાજ થયા શિક્ષિત માણસ અને આવી બધી વાતોથી પર એક આધુનિક અને શિક્ષિત રાજ્યનું સ્વપ્ન જોનાર રાજા થોડો ખિન્ન થયો અને બોલ્યો કે, 'ભલા માણસ, હજી આપણે જેલ પરથી ચાલ્યા આવીએ છીએ, રૂબરુ દેશળ સાથે વાત કરી છે અને એટલી વારમાં દેશળ ભજનમા કેવી રીતે પહોંચી ગયો ? જરા વિવેકથી વાત કરો'...

ઘોડેસવાર પણ એની વાત પર મક્કમ હતો અને બોલ્યો, 'સરકાર, ગુસ્તાખી માફ. અમે આપને ઘણી વખત કહ્યું પણ આપ અમારી વાત કાને દેતા નથી. આ અવાજ ભગતનો જ છે, ભજન દેશળ જ ગાય છે. આપ ખાત્રી કરવા ચાહો તો ભજનમા જઈને રૂબરુ જોઈ લઈએ.' અજીતસિંહજી અને સાથે રહેલા ઘોડેસવારો કુંભારવાડા તરફ જઈને જુએ છે તો દેશળ ભગત આંખો બંધ છે અને હાથમા રામસાગર લઈ ભજન ગાઈ રહ્યાં છે.

અજીતસિંહજીને ભજનમા આવેલા જોઈ કુંભાર રાજ સાહેબને ભજનમા બેસવાનું કહે છે, અજીતસિંહજી બેસવાની ના કહી ત્યાંથી નીકળી મહેલ પર ચાલ્યા જાય છે. આ બાજુ, પરોઢિયે ભજન પુરા થયે, પેલો કુંભાર ભગતને હકીકત વર્ણવે છે, ત્યારે ભગતને પેટમાં ફાળ પડે છે. ભગત ઉતાવળા ચાલતા ચાલતા જેલ પર આવી માણસોને પુછે છે કે, 'ભાઈ, કોઈ આવ્યું તો નહોતું ને ? મને જરાક ભજનમાંથી આવતા મોડું થઈ ગયું.'

જેલ પર પહેરો આપતા સાથીઓમાંથી એક માણસ બોલ્યો કે, 'દેશળ, આવી તે શીદ ને મજાક કરશ ? બે વાગ્યે રાજ સાહેબ આવ્યા હતા અને તેં પોતે ચોપડી આપી અને એ ચોપડીમાં સહી પણ કરાવી, હાલ તો તું બાર ગયો છે.' દેશળને પગેથી જમીન સરકી ગઈ કે, 'મેં ક્યારે સહી કરાવી, રાજ સાહેબ આવ્યા ત્યારે હું ક્યાં હાજર હતો ?'

સાથીએ કહ્યું કે, 'લાવ લઈ લે ફાનસ, હું તને બતાવું' કહીને ચોપડી ખોલી ભગતને દેખાડી કે, 'જો આ રહી ધ્રાંગધ્રા રાજ સાહેબની સહી અને આ બાજુ આવ, આ રહ્યા રાજ સાહેબના ઘોડાના અને આ રહ્યા તારા પગલાંના સગડ.' દેશળ આશ્ચર્યચકિત થઈ બોલ્યા કે, 'સારુ કહેવાય, સગડ તો રહ્યા.' ભગત જ્યા સગડ હતા ત્યાં મદાલો મારીને બેસી ગયાં અને એ પગલાંની ધુળ હાથમા લીધી અને પોતાના આખા શરીર પર ચોપડવા લાગ્યાં. ઉભેલા સાથીઓમાંથી એક જણ બોલ્યો કે, 'ભગત, આવું શું કરે છે ? ગાંડો તો નથી થઈ ગયો ને ?'

ભગત કહે, 'ભલા માણસ, આ મારા સગડ ના હોય, હું તો કુંભારવાડે રામસાગર વગાડતો એને સાદ દેતો હતો, આ સગડ તો મારા દ્વારકાધીશના છે. આ સગડ તો અખિલ બ્રહ્માંડના અધિપતિના છે. હુ તો તમને પહેરાની ચાવીઓ આપી ભજનમા ગયો ત્યારથી અત્યારેજ હાલ જેલ પર આવું છું. મેં રાજ સાહેબને ચોપડીયે નથી આપી કે સહી પણ કરાવી નથી.'

સવાર પડી. ભગતને રાજ સાહેબનું તેડુ આવ્યું. તેઓ સીધા ધ્રાંગધ્રા રાજ સાહેબ અજીતસિંહજીના મહેલ પર પહોંચી જાય છે, અને પહેરેદારને રાજ સાહેબને ખબર આપવાનું કહે છે. થોડીજ વારમાં એમના નામની પોકાર પડે છે, દેશળ ભગત નત મસ્તક કચેરીમાં પ્રવેશ કરે છે. ધ્રાંગધ્રા સ્ટેટ ઝાલાવાડનું સૌથી મોટું સ્ટેટ કચેરી આખી ભરી છે. લગભગ તમામ દરબારો અને કર્મચારીઓને હકીકતની ખબર છે, પણ એ લોકો દેશળ ભગતના મુખેજ સાંભળવા માંગે છે.

ભગતની આંખો ઉજાગરાથી લાલ છે, રાજ સાહેબ ધીરગંભીર વદને સિંહાસને બિરાજેલા છે. અજીતસિંહજી એમના આ વફાદાર અને સાચા કર્મનિષ્ઠ કર્મચારીને સવાલ કરે છે કે, 'હે દેશળ કાંઈ ખુલાસો કરવો છે ? જે હકીકત મારા ધ્યાને આવી છે એ બાબતે ?' 'ના બાપુ, કઈ નઈ, આપની સમક્ષ ખુલાસા ના હોય. મારો વાંક પણ છે અને હું નિર્દોષ પણ છું. પણ આપ નવા જમાનાના માણસ અને એમાંય રાજા એટલે આપને નઈ સમજાય.'

અજીતસિંહજી બોલ્યાં કે, 'તો પછી અટાણે ફેંસલો શું કરશું ?' દેશળે મક્કમ જડબાં કરીને જવાબ આપ્યો કે, 'બાપુ, ફેંસલો આજે મારે કરવો છે કે મારે નોકરી નથી કરવી, આપને જે સજા કરવી હોય એ માથે ચડાવું.' અજીતસિંહજી બોલ્યાં, 'અરે, ભલા માણસ, 'બીજા ભલેને ગમે તે બોલે, મેં તમને ક્યારેય કશું કહ્યું ? આ તો મારે ફરજના ભાગ રુપે જેલ પર આવવું પડે. બાકી મને બધી ખબર છે.' 'બાપુ, તમારે તો ફક્ત અમારો ખટકો રાખવા જેલ પર આવવું પડે એના કરતા હું જ આજે આ નોકરી છોડી દઉં છું.'

અજીતસિંહજી પણ સામે જીદે ચડી ગયા. 'દેશળ, તારી નોકરી, તારૂ નામ, થોડો તો વિચાર કર, મેં તને સજા કરવા નથી બોલાવ્યો, તારું બહુમાન કરવા બોલાવ્યો' અને પછી જે શબ્દોની સરવાણીઓ દેશળ ભગતના મુખેથી નીકળી એ શબ્દોએ ધ્રાંગધ્રા રાજની કચેરીમાં સન્નાટો ફેલાવી દીધો.

દેશળ કહે, 'બાપુ, તમારે તો મારા માટે ખાલી મહેલેથી જેલ સુધીનો ધક્કો ખાવો પડે છે, પણ ઓલ્યા મારા હરિને તો ઠેઠ દ્વારકાથી ધ્રાંગધ્રાનો ધક્કો ખાવો પડે છે. અખિલ બ્રહ્માંડના માલિકને વૈકુંઠમાંથી આવવું પડે અને એ પણ એક મારા જેવાના પાપી પેટ માટે. મારા ઠાકરને મારી ત્રણ રૂપિયાની નોકરી હાટું છેક આટલે લાંબુ થાવું પડે ?' એટલું બોલીને દેશળ ભગત વધારે બોલી ના શક્યા. આંખો આંસુઓથી ભરાઈ ગઈ. ગળામાં ડૂમો બાઝી ગયો. અને એટલામાં રાજ સાહેબ અચાનક એમના સિંહાસનેથી ઊભાં થઈ ગયાં. સડાક કરતી આખી કચેરી પણ ઉભી થઇ ગઇ.

એ ધ્રાંગધ્રાનો રાજા અને ઝાલાવાડનો ધણી સામે ચાલીને ઝુક્યાં, ત્યાં તો દેશળ ભગતે બથમાં લઈ લીધાં. 'ના રાજન, હું તમારો એક અદનો નોકર અને તમે મારા માલિક છો.' 'અરે ભગત, 'આપને કઈ રીતે નોકર કહું કે જેના માટે ખુદ કૃષ્ણ ભગવાન મારી જેલ પર બદલીયું ભરતા હોય એ માણસ સામાન્ય ના કહેવાય, ભગત તમે તો તમારી સાથે મારું પણ નામ ઇતિહાસને પાને અમર કરી દીધું. ઠીક છે ભગત પણ તમે ઇનામના હકદાર છો. જો કાલની રાત્રે એ તપાસ કરવા ના નીકળ્યો હોત અને સુઈ રહ્યો હોત તો ભલે તમારા ખોળિયે પણ દ્વારકાધીશના દર્શન ના થયા હોત એની સન્મુખ વાત કે મુલાકાત ના થઇ હોત.'

'ધન્ય આ ઝાલાવાડની ધરાને કે આવા સંતો પેદા કર્યાં કે એને ભજન કરવા હોય તો ખુદ શ્રી કૃષ્ણ એમની નોકરી બજાવે, અને રાજ સામે ગુનેગાર ના ઠરવા દે.પણ ભગત, આજે હું રાજી છું. માંગી લ્યો.' 'તો રાજન, એક વાવ ખોદાવો, પાણીની અછતમાં ગરીબ ગુરબાને એનાથી રાહત થશે. બાકી મારા પંડ માં મારે કશી ચીજની જરૂર નથી.' એટલું કહીને દેશળ ભગત દરબાર ગઢની કચેરીને છેલ્લી સલામ કરીને નીકળી ગયાં અને ખાંડવી ધાર ઉપર રામસાગર લઈને બેસી ગયાં. આજની તારીખમાં ધ્રાંગધ્રામાં દેશળ ભગતની વાવ છે. ❖❖❖

## સ્વતંત્રતાની અવેજીમાં શું લેશો ?

એન્ડ્રુ કાર્નેગીના આત્મચરિત્રમાં ગુલામીના તીવ્ર અસંતોષને સમજાવનારો એક સુંદર કિસ્સો છે.

એક હબસી ગુલામ નોકરીમાંથી નાસી ગયો.

થોડે દિવસે પોલીસે અને પકડ્યો અને ન્યાયાધીશ આગળ ખડો કર્યો. ન્યાયાધીશે ગુલામને પૂછ્યું :

'તારે કેમ નાસી જવું પડ્યું ? તારો શેઠ તને મારે છે ?'

ગુલામે કહ્યું : 'ના જી.'

ત્યારે શું એ પૂરતું ખાવાનું આપતો નથી ?

'ના જી; ખાવાનું તો મને ભરપૂર મળે છે.'

'ત્યારે શું કપડાં પૂરતાં મળતાં નથી ?'

'એ પણ જોઈએ એટલાં મળે છે.'

'ત્યારે શું બહુ સખત મહેનત કરવી પડે છે ?'

'એમ પણ નહીં કહી શકું.'

'શેઠ સામે બીજી કંઈ ફરિયાદ છે ?'

'ના જી, અમારા આ શેઠ અને એમના ઘરનાં લોકો બહુ માયાળુ છે.'

આ સાંભળી ન્યાયાધીશે આશ્ચર્યથી પૂછ્યું : 'તને શેઠ મારતો નથી, બહુ સખત મહેનત કરાવતો નથી, પૂરતું ખાવાનું આપે છે, કપડાં આપે છે, માયાથી વર્તે છે ત્યારે આટલા સુખમાંથી નાસી જવા માટે શું પ્રયોજન છે. ?

ગુલામે શાંતિથી કહ્યું : 'સાહેબ, એ જગ્યા હજુ ખાલી છે. આપ એ લઈ શકો છો !'

ન્યાયાધીશ નિરુત્તર થઈ ગયો. દલીલથી જે સત્ય નથી સમજી શકાતું, પણ હૃદયથી જ સમજાય છે તે આવું હોય છે. બીજી કેટલીક વસ્તુઓની જેમ સ્વાતંત્ર્યની ઈચ્છા અને ધગશ પણ હૃદયથી જ સમજાય છે.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે.** **પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ 9860125136 પંચગીની : નિરવભાઈ 9819012468 | માથેરાન તથા સંસ્થાના અન્ય કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો. 9867748120 | પત્રિકા જાહેરખબર દેવલાલી : આશાબેન 9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ 9099350644 / 9426756100 મુંબઈ - મિલનભાઈ તુરખિયા 9860125136 / 7208472884 |

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- પુજ્ય માતુશ્રી રૂક્ષ્મણીબેન હેમચંદભાઈ શાહના સ્મરણાર્થે હ. ડો. ચંદ્રકાંત એચ. શાહ (સુંદરિયાણા નિવાસી - હાલ મુંબઈ)
- પિતાશ્રી મુગટભાઈ ગફલભાઈ દોશીની પુણ્યસ્મૃતિમાં હસ્તે રૂપાબેન ઉપેનભાઈ, નૂતનબેન કિરીટભાઈ તથા ઉષાબેન
- જિતેન્દ્રભાઈ હરજીવનદાસ સંઘવીના ૭૫માં વર્ષ નિમિત્તે હસ્તે ભૌમિક સંઘવી
- સરોજબેન જિતેન્દ્રભાઈ સંઘવીના ૭૦માં વર્ષ નિમિત્તે હસ્તે ભૌમિક સંઘવી

# બહેની અને બાંધવ



તમે રે સુંદરવનના સૂડલા
અમે તો તમ કંઠનો કિલકાર
અમે રે બેની ને તમે બંધવા
મનના મળ્યા તારેતાર!

એક રે કયારીમાં દોનો મહોરિયા
તમે રે ધુધરિયાળી ઝાંઝરી
અમે તો એક ઝાલેરી ડંકાર
અમે રે બાંધવ તમે બેંનકી
મનના મળ્યા તારેતાર!

એક રે કયારીમાં દોનો મહોરિયા
તમે રે છત્તર અમે છાંટાડી
અમે ધરીએ તમારો આકાર
અમે રે બે'ની ને તમે બંધવા
મનના મળ્યા તારેતાર!

એક રે કયારીમાં દોનો મહોરિયા...
તમે રે મીઠેરા જળની નાવડી
અમે તો એક પથ્થરના પગવાર
અમે રે બાંધવ તમે બેંનકી
મનના મળ્યા તારેતાર
એક રે ક્યારીમાં દોનો મહોરિયા

તમે રે મહિધરગઢના મોરલા
અમે તો એ ગઢની કિનાર

અમે રે બે'ની ને તમે બાંધવા
મનના મળ્યા તારેતાર!

એક રે ક્યારીમાં દોનો મહોરિયા

- બાલમુકુન્દ દવે



# થેંક્સ રાઘવ...

અલ્પેશ પી. પાઠક

''રાઘવ...આજે તું નથી અને મારી ચારે-તરફ બસ તું જ છો. તું હતો ત્યારે હું માનતી કે મને તારો અભાવ છે. પણ આજે તારા ગયા પછી મને અભાવ શબ્દનો સાચો અર્થ સમજાય છે કે ભાવ વગર અભાવનું અસ્તિત્વ ન હોઈ શકે. તારા ગયા પછી એક પણ દિવસ એવો ગયો નથી કે જે દિવસે કોઈ ત્રીજી વ્યક્તિના મોઢે તારું નામ ન સાંભળ્યું હોય કે વખાણ ન સાંભળ્યાં હોય. એવું નથી કે તું મૃત્યુ પછી અચાનક ઊજળો થઈ ગયો. તું તો તે હતો તે જ હતો. પણ હું તને ઓળખી ન શકી. સાવ નજીકનું આપણે સ્પષ્ટ જોઈ શકતાં નથી...? એમ જ.

તારા ગયાના એક જ મહિનામાં ઘરમાં રાશન ખૂટી ગયું. આપણે મધ્યમ વર્ગી કુટુંબ હતા. થેંક્સ ટુ તારી વધારે પડતી પ્રામાણિકતા...ભીખુ ગાંધીની દુકાને ઘઉં લેવા ગઈ. પેટ માટે ના છૂટકે જવું પડયું. પૈસા નહોતા. ભીખુ ગાંધી ઉધાર આપશે કે નહીં એ અવઢવ હતી પણ બીજે ક્યાંયથી ઉધાર મળશે જ નહીં એની ખાતરી હતી. ઈન્સ્પેક્ટર રાઘવ કુલકર્ણી અને ભીખુ ગાંધી વચ્ચે છત્રીસનો આંકડો હતો આખી ચાલી જાણતી હતી. પાંચ કિલો ઘઉં જોખાવી લીધા પછી ધીમા અવાજે કહ્યું.

'ભીખુભાઈ પૈસા નથી...આવતા મહિને આવી જશે એટલે આપી દઈશ!'

આવતા મહિને પૈસા ક્યાંથી આવશે. મને નહોતી ખબર...કદાચ નિયમોની ઉપરવટ થઈને તારું પેન્શન પાસ થાય પણ ખરું...

'અરે ભારતીબહેન...કાંઈ વાંધો નહીં, હોય ત્યારે આપજો ને...હું ક્યાં માંગુ છું?' ભીખુભાઈએ કહ્યું.

આ મારી ધારણાથી તદ્દન વિરુદ્ધ હતું. હું તેની સામે તાકી રહી. આ માણસ સાચું જ બોલતો હતો ને...?'

'અરે બહેન સાચું કહું છું, મતભેદો હતા...રાઘ સાહેબ હતા ત્યાં સુધી. આજે એ નથી, એમના પ્રત્યે કોઈ કડવાશ પણ નથી.'

આ અભણ દુકાનદારના અવાજમાં ખરેખર આદર હતો.

'...અને રાઘવ સાહેબે એક આતંકવાદીને જીવતો પકડીને આ શહેરનું, આ દેશનું બચાવ્યું છે એટલું ના સમજું એટલો ના-સમજ હું નથી, બહેન, આવજે...જ્યારે રાશન ખૂટે ત્યારે આવજો. અને પૈસાની ફિકર ક્યારેય ન કરતાં.'

એ રાત...જે હવે ૨૬/૧૧ ના નામથી જાણીતી થઈ છે, તે રાત તો એક સામાન્ય રાત જ હતી. કોઈનો મોબાઈલ આવ્યો...અને તું નેટવર્ક પકડવા બહાર દોડી ગયો.

'સાંભળ...હેડક્વાર્ટરનો ફોન હતો.' તેં ડ્રેસ પહેરતાં કહ્યું હતું. 'મુંબઈ પર...આપણા શહેર પર આતંકવાદી હુમલો થયો છે. મારે જવું પડશે...'

'અત્યારે...?' મને ફાળ પડી. જો કે આ કઈ નવું નહોતું. મહિનામાં બે વખત હેડક્વાર્ટરનું તેડું તને આવતું હતું. તું એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ પોલીસ ઑફિસર હતો. પણ આવું તેડું માત્ર તને જ માત્ર તને જ આવતું એની સામે મને વાંધો હતો.

'હા અત્યારે...તે બેલ્ટ ચડાવતાં કહેલું - 'કારણ કે પોલીસ ઓફિસર કાયમ પોલીસ પોલીસ ઑફિસર જ હોય છે.'

'તું પોલીસ ઓફિસર છે એ વાત તને કાયમ યાદ રહે છે.' 'મને તારી આ નોકરી જરાય ન ગમતી.' ...પણ તું ભૂલી જાય છે કે તું એક પતિ પણ છે.'

'ના...મને યાદ છે, પણ તને ખબર હોવી જોઈએ કે હું લગ્ન પહેલાં પણ પોલીસ ઓફિસર હતો. અને આજે આપણું ઘર ચાલે છે તે આ પોલીસની નોકરીના કારણે...'

'પણ તું જ કેમ રાઘવ...?' તે જે આ ડ્યૂટીનું પૂછડું પકડી રાખ્યું હતું તે મને જરાય ન ગમતું. 'બીજા પોલીસ ઑફિસરોએ તો કરપ્શન કરી-કરી ઘર ભરી લીધું છે. બંગલામાં રહે છે...એશ કરે છે...એમને તો કોઈ અરધી રાતે નથી બોલાવતું.'

'તને ગર્વ હોવો જોઈએ કે હેડક્વાર્ટરને તારા પતિમાં વધુ વિશ્વાસ છે.'

'તેં કેંપ પહેરી હતી.

'હેડક્વાર્ટરના આ વિશ્વાસનો પાંચ હજાર વધુ પગાર મળશે? આપણું ઘર બરાબર ચાલતું નથી, રાઘવ...' હું હંમેશાંની જેમ તીખી થઈ ગઈ હતી.





તું બહાર જવા ગયો. મેં તારો હાથ પકડી લીધો હતો.

'પૈસો માપદંડ નથી, ભારતી...' તેં ઉંબરો ઓળંગતાં કહેલું.

'તો માપદંડ શું છે રાઘવ...?' તારો હાથ મૂકી મેં ચીસ પાડી હતી - 'રાઘવ...મને સમજાવ.'

'સમજાવીશ ભારતી...' તું હંમેશાંની જેમ શાંત હતો. તે મારા ગાલ પર ટપલી મારી કહેલું - 'સમજાવીશ, ભારતી અત્યારે સમય નથી...' અને મોટી ડાંફ ભરી તું ઘરની બહાર નીકળી ગયો હતો.

તારો એ આખરી સ્પર્શ નખશિખ યાદ રહી ગયો છે મને...

હું સૂઈ ગઈ, મને બનાવની ગંભીરતા નહોતી ખબર. ટીવી જોવાની ટેવ નહોતી. જોવું હોય તો પણ બાજુમાં કમલા આંટીને ત્યાં જવું પડતું. એ મને જરાય ગમતું નહોતું. આપણા ઘરમાં ટીવી કયાં હતું...? 'તારી પ્રામાણિકતાએ મને ટીવી પણ નથી આપ્યું..' હું તને ઘણી વખત સંભળાવતી. તું હસતા મોઢે સાંભળી લેતો...તું હંમેશાં મારી સાથે, સાચો કે ખોટો વિવાદ ટાળતો. અને હું કાયમ તારી સાથે લડવાના મૂડમાં રહેતી. સાચું કહું રાઘવ...આજે આ વાત પર ઘણી શરમ આવે છે.

વહેલી સવારે જાણ થઈ કે ઈન્સ્પેક્ટર રાઘવ કુલકર્ણી શહીદ થયા. મને શહીદ શબ્દનું કાંઈ પણ ગૌરવ નહોતું. હું તો માનતી હતી કે મરવા જવાનું હતું ને હેડક્વાર્ટરે તને પસંદ કર્યો. તારા પ્રત્યેનો રોષ એટલો હતો કે હું રોઈ પણ નહોતી. તારી અંતિમ ક્રિયા પછી મને ખબર પડી હતી કે તને શું થયું...? તેં આતંકવાદીઓની કારને રોકીને બે આતંકીઓને બાથમાં પકડી લીધા હતા. તે બંને મરણિયા પ્રયાસો છતાં છૂટી શકે નહીં એવી જોરદાર પકડ હતી તારી...પણ ત્રીજા આતંકીએ તને પીઠમાં ગોળી મારી. બે હાથમાં બે આતંકીઓને પકડી રાખી તું પાછળ ફર્યો. સામે વાળો આતંકવાદી તને છાતીમાં બે બુલેટ ધરબી માત્ર એકને જ છોડાવી શક્યો. અને બાકી એક એટલે વિશ્વના એકમાત્ર જીવતો પકડાયેલો ત્રાસવાદી પરવેઝ ઈનામ...પણ મને આ કશામાં રસ નહોતો. મને તો તું હજી પણ મૂર્ખ જ લાગતો હતો. ડ્યૂટીનું પુંછડું પકડી મરવા સુધી જઈ શકે એવો મૂર્ખ...જે શહેર માટે વિચારતાં પોતાના જાન માટે ન વિચારી શકે એવી મૂર્ખ...તારી નોકરી, તારી પ્રામાણિકતા, તારી બહાદુરીએ તને 'એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ' એનું ભારેખમ અને માત્ર નામનું બિરુદ આપ્યું છે. પણ મને તો એમાંથી મળી છે માત્ર ગરીબાઈ, અને એક સાવ અવ્યવહારું માણસની પત્ની હોવાનો રંજ...એવું હું માનતી. હું ખોટી હતી રાઘવ... યાદ છે પેલા શમીખાન વાળું ચેપ્ટર...? તે શમીને આપણા અને આજુબાજુના વિસ્તારમાં ત્રાસ હતો. દુકાનોમાંથી હપ્તા ઉઘરાવવા. ગુંડાગીરી કરવી, ચોરી-લૂંટ, ખંડણી વગેરે તેનાં કામ હતાં. એક બે અપહરણમાં પણ સંડોવણી હતી. પણ દાઉદનું નામ તેની સાથે હતું તેથી પોલીસ અફસરો પણ તે તેનાથી ડરતા. એક

> કશુંક પાંગર્યું ને તમે યાદ આવ્યાં
> સ્વપન ઓસર્યું ને તમે યાદ આવ્યાં
> ઠરી મીટ મારી તુંહીન ટોચ પર જે,
> કિરણ ઓગળ્યુ ને તમને યાદ આવ્યાં
> થીજેલી ક્ષણોને પવન પાંખ આવી
> બધું પરહર્યું ને તમે યાદ આવ્યાં.
> અલગ શ્વાસ કેમેય કલ્પી શકું ના,
> શ્વસન સાંભર્યું ને તમે યાદ આવ્યાં.
> હું સ્હેજ વાતાવરણ પણ ઉદાસી
> દરદ વિસ્તર્યું ને તમે યાદ આવ્યાં.

તું હતો રાઘવ કે જેણે તેની સામે થવાની હિંમત કરી. એને એક બળાત્કારના કેસમાં જડબેસલાક ફસાવી દીધો. પણ પુરાવાના અભાવે અને તેના વકીલની હોશિયારીથી એ છૂટી ગયો. તારી સાથે બદલો લેવા એણે મારી સરેઆમ છેડતી કરી. હું શરમ અને ગુસ્સાથી ઘરે આવી રોઈ પડી અને મેં ટાર્ગેટ બનાવ્યો તને...તું મારા માટે સૉફ્ટ ટાર્ગેટ હતો. સૉફ્ટ ઍન્ડ ઈઝી....હું તારી સાથે લડી.

'રાઘવ...જરાક વિચાર. તેં અને તારી બહાદુરીએ મને શું આપ્યું છે...? જોખમ સિવાય...શું જરૂર હતી એ શમી સાથે દુશ્મની કરવાની...? મને સમજાતું નથી કે તારા જેવા પોલીસ ઑફિસરો કરે છે એ શું કામ કરે છે...?'

'અમને લડીએ છીએ ભારતની બીજી આઝાદી માટે...' તું પણ જરા ગુસ્સે થયો હતો. તેં મક્કમતાથી કહ્યું - 'અને રહી વાત શમી સાથે દુશ્મનીની. તો એની જરૂર હતી ભારતી...'

'કાલે કદાચ આપણાં બાળકો થશે તો એણે પણ શું મારી જેમ જ બીતાં બીતાં જીવવાનું...?' મેં ઈમોશનલ બ્લૅકમેલિંગનો આશરો પણ અજમાવી જોયો.

'કોઈને બીતાં બીતાં ન જીવવું પડે એટલે તો હું આ બધું કરું છું, ભારતી...'

'પણ બદલામાં તને, આપણને શું મળે છે એ તો વિચાર...?'

'હું એટલો સ્વાર્થી નથી, અને તું યાદ રાખજે કે એક દિવસ તને જરૂર દેખાશે કે આપણી પાસે શું છે...?' આપણે શું મેળવ્યું છે.'

તું નથી પણ આજે મને સમજાય છે કે મારી પાસે શું છે...? મારી પાસે છે શહીદ ઈન્સ્પેક્ટર રાઘવ કુલકર્ણીની વિધવા હોવાનું સ્વાભિમાન...જે તેં, તારા કાર્યોએ મને

અપાવ્યું છે. તારા ગયાના ચાર મહિના પછી પણ...ઘરમાં અપૂરતા પૈસા હોવા છતાંય મારું ઘર, આપણું ઘર ચાલે છે, રાઘવ... કોઈને પર કરગર્યા વિના... આજે મારી પાસે એક આછી-પાતળી નોકરી છે રાઘવ...હું બહુ એશથી તો નહીં, પણ અભિમાનથી જીવી શકું છું. આજે હું પણ ગર્વ કરી શકું છું કે હું ઈ. રાઘવ કુલકર્ણીની વિધવા છું. તું લોકોની સ્મૃતિમાં હજી જીવે છે. અને મને મળે છે માથું ઊંચું રાખી જીવવાનો હક...'

...પછી તો ઉપરી અધિકારીને વિશ્વાસમાં લઈ તેં શમી ખાનનું એન્કાઉન્ટર ઠંડા કલેજે કરી નાખ્યું હતું, હું ખુશ થઈ હતી પણ આ ખુશી મીઠા શબ્દોમાં તારા સુધી ન પહોંચાડી શકી તેનો આજ રહી-રહીને મને અફસોસ થાય છે.

૨૬/૧૧ પછી મહિના સુધી હું તારા પ્રત્યે મને ઝેર હતું તે વાગોળતી રહી. એક સાંજે હું કૂકરમાં ખીચડી મૂકવા જતી હતી ત્યાં... 'આવું બહેન...? જોયું તો એક ટિપિકલ ગુંડા ટાઈપનો માણસ...જોતાં જ ડર લાગે તેવો...દરવાજે ઊભો હતો. 'આવો...' મેં પણ શિષ્ટાચારમાં હાથ જોડ્યા.

'મારું નામ દેવુભા છે. મારી દારૂ ગાળવાની ભઠ્ઠી છે ધારાવીમાં...' તેણે તેનો નફ્ફટ પરિચય આપ્યો. 'રાઘવ તો હવે નથી.' મને લાગ્યું કે તેને તારું કામ હશે. 'મને ખ્યાલ છે, બહેન...હું તેમના વિશે જ એક વાત કહેવા આવ્યો છું.' મને કુતૂહલ થયું કે શું વાત હશે...? તે અંદર આવી ગયો. મારે હવે સાંભળવું જ રહ્યું. 'દારૂની ભઠ્ઠી ભગવાનની દયાથી ઠીક-ઠીક ચાલે છે. પણ પાંચેક મહિના પહેલાં મારી બૈરીનું એપેન્ડીક્સનું ઑપરેશન કરાવવા પૈસાની જરૂર હતી તે ચોરી કરવી પડી.' મને સમજાતું નહોતું કે એ આ બધું મને શું કામ કહી રહ્યો છે. ઈન્સ્પેક્ટર કુલકર્ણીએ મને પકડી પાડ્યો. જેલમાં પૂરી દીધો. હું સળિયા પાછળથી રાડો પાડતો રહ્યો કે ઈન્સ્પેક્ટર, મને જવા દે...મારી બૈરીનું એપેન્ડીક્સ ફાટી જશે. તે મરી જશે...પણ એ નિષ્ઠુર માણસે મારી વાત ન સાંભળી.'

'હા...કાયદા પાલનની વાતે તું બિલકુલ નિર્દય હતો...લગભગ જડ જેવો. શું આ માણસની બૈરી તારી જીદને લીધે મરી ગઈ હશે...? શું તેનો બદલો લેવા તે મને મારી નાખશે...? પણ મને બીક ન લાગી. 'ત્રણ મહિના પછી હું જેલમાંથી છૂટ્યો અને જોયું કે મારી બૈરીનું ઑપરેશન થઈ ગયું હતું. રકમ બહુ નાની હતી પણ કામ તારા પતિનું હતું.'

'પણ કામ બહું મોટું હતું. મને હવે ખબર મળ્યા કે બહેન...એ કામ તારા પતિનું હતું.'

મને અચાનક યાદ આવ્યું કે પાંચેક મહિના પહેલાં તેં પગારમાંથી મને સાડા ત્રણ હજાર ઓછા આપ્યા હતા અને મેં બહુ મોટો ઝઘડો કર્યો હતો. શું સાડા ત્રણ-ચાર હજારમાંથી ઑપરેશન પતી ગયું હશે કે તેં બીજા પણ ઉમેર્યા હશે...? આજે મારી આંખમાં તારા માટે આસું હતાં. ૨૬/૧૧ પછી કદાચ પહેલી વાર..દેવુભા ઊભો થયા. મને પાણી આપ્યું-

'રો મા બહેન... ઈન્સ્પેક્ટર રાઘવ આપણી વચ્ચે નથી એ સાચું પણ તેના જેવા માણસ ક્યારેક મરે નહીં...હું તને બહેનુ કહું છું અને બહેન માનું છું. જો તું મને ભાઈ માની શકે તો આ રૂપિયા સ્વીકાર...' કહીને તેણે દસ હજાર રૂપિયા મારા પગ પાસે મૂકી દીધા.

'અને હા...મારો મોબાઈલ નંબર આપું છું. ક્યારેય કાંઈ પણ કામ પડે તો ફોન કરજે..હું દિવસ-રાત નહીં જોઉ... આ રાજપૂતનું તને વચન છે, બહેન...' મારા જવાબની રાહ જોયા વિના તે જવા લાગ્યો ઉંબર સુધી જઈને તે પાછો આવ્યો. 'બહેન..રાઘવ સાહેબની ઈચ્છા હતી કે હું દારૂની ભઠ્ઠી બંધ કરું. અત્યારે તો નહીં, પણ તને રાઘવ સાહેબ ગણી વચન આપું છું કે આવતા ત્રણ ચાર મહિનામાં હું બંધ કરી દઈશ. 'તે ઝડપથી મોઢું ફેરવી ચાલ્યો ગયો. કદાચ તે તેની આંખનાં આંસુ મારાથી છુપાવી રાખવા માંગતો હતો. તે તો ગયો પણ મને ચોધાર આંસુએ રડાવતો ગયો.'

રાઘવ તેં ખોટા ખર્ચ કર્યા નથી કે મને નથી કરવા દીધા. આપણે ત્રણ કે ચાર મહિને થિયેટરમાં ફિલ્મ જોવા જતાં. છ મહિને એક વાર હોટલમાં જમવા જતાં, એની મને હંમેશાં ફરિયાદ રહી હતી. હું તને ન કહેવાનું કહેતી અને તું ન સાંભળવાનું સાંભળી લેતો, પણ આજે અહેસાસ થાય છે કે તેં માણસોમાં કેટલું ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું. તને હંમેશા રૂપિયા કરતાં માણસમાં વધુ ભરોસો હતો. મને કહેવા દે રાઘવ કે તારુ ઈન્વેસ્ટમેન્ટ પાકી રહ્યું છે. મને પાછું મળી રહ્યું છે અને એ પણ વ્યાજ સહિત...દેવુભાએ દારૂનો ધંધો બંધ કરી દીધો છે અને મારી જરૂરિયાતોનું ખરેખર ધ્યાન રાખે છે.

દેવુભા...ભીખુ ગાંધી...અને ક્યાં ક્યાંથી તારી સારાઈનો પડઘો નથી મળતો...? અરે તારી ઑફિસનો ચપરાશી રામજી આપ્ટે પણ અઠવાડિયામાં બે વખત આવીને પૂછી જાય છે. - 'કુછ ચાહિયે...ભાભીજી...? 'તારા ગયાના એકાદ મહિનામાં અહેસાસ થયો કે હવે ઘરે બેસી રહેવાનો કશો અર્થ નથી અને ઘરને આવકની પણ જરૂર હતી. બાજુની સ્કૂલમાં ટિચર તરીકે એપ્લાય કર્યું. પહેલાં તો મારી એપ્લીકેશન રિજેક્ટ થઈ. પણ અઠવાડિયા પછી ખુદ સંચાલક ઘરે આવ્યા.

'હમે માફ કર દિજીયે...હમે માલૂમ નહી થા કિ આપ શહીદ રાઘવ કુલકર્ણી કી વિધવા હૈં. આપ કલસે હી જોઈન કર સકતી હૈ.' મને ખબર નહોતી કે ઈન્સ્પેક્ટર રાઘવની પત્ની હોવું એ પણ વધારાની લાયકાત ગણાતી હશે. હું આદત પ્રમાણે તીખી થઈ ગઈ.

'કિસીકી વિધવા હોને સે મેરે ક્વોલિફિકેશન્સ મેં ક્યા ફરક પડતા હૈ બતાયેંગે આપ...?' એ માણસનો જવાબ સાંભળવા જેવો હતો.

'આપ ગુસ્સા મત હોઈયે, બહનજી...ફરક આપકે ક્વોલિફિકેશન્સ મેં નહીં, આપકે વ્યક્તિત્વ મેં પડતા હૈ...ઔર ફિર રાઘવ સાહબ ને ઈસ શહરકો, ઈસ દેશ કો જો દિયા હૈ ઉસકા એક હિસ્સા લૌટાના હમારા ભી તો ફર્ઝ બનતા હૈ, એક શહીદ કી વિધવા કા અપમાન કરે ઈતને નાલાયક ભી નહીં હૈ હમ...પ્લીઝ બહનજી, ના મત કહના.'

મારે શું દલીલ કરવી એ હું ભૂલી ગઈ હતી. એ માણસ સાચું કહી રહ્યો હતો. મેં નોકરી સ્વીકારી લીધી. મને બહુ તો નહીં પણ જરાક ટેકો અવશ્ય થઈ ગયો. અને સાચું કહું રાઘવ...તારા પ્રત્યેનો રોષ તો હવે સાવ જ ઓગળી ગયો.

થોડા દિવસ પહેલાં સ્કૂલથી ઘરે આવતી હતી ત્યારે આપણી ચાલીની નજીક કે શાક માર્કેટ ભરાય છે ત્યાંથી લીંબુ લીધાં. છોકરાને સાડા આઠ રૂપિયા આપવાના હતા. પર્સમાં છૂટા પૈસા ન નીકળ્યા 'અભી ઘર સે ભીજવાતી હૂં....મેં કહ્યું પણ છોકરો અવઢવમાં લાગ્યો. 'મેં યહીં નઝદીક મેં વિનાયક ચાલ મેં રહેતી હું...'

'ના મેમસાબ...' તે બોલ્યો - 'આપ ભૂલ જાઓગી તો ખામખા સાડે આઠ કા ચૂના લગ જાયેગા...ઔર બાપ ડાંટેગા વો અલગ...નિંબુ રખ દિજીયે...' 'તું જાનતા હૈ પિન્ટુ તુ કિસસે બાત કર રહા હૈ...?' બાજુની રેંકડી વાળી બુઢ્ઢી ઔરત તેને ખીજાઈ - 'તે રાઘવ સા'બ કી વાઈફ હૈ...! વો રાઘવ સા'બ જિસને તેરી બાપ કો યે રેંકડી ખરીદને મેં મદદ કી થી...યકિન રખ તેરે પૈસે કહીં નહીં જાયેગે.'

મેં લીંબુ પાછાં મૂકી દીધાં...હવે પેલો છોકરો રોવા જેવો થઈ ગયો...'

'મેમસા'બ, અબ આપ નિંબુ નહીં લે જાયેગી તો મેરા બાપ મૂઝે ડાંટેગા નહીં...માર ડાલેગા. મૈં દિન મેં સાત બાર ઉસકે મુંહ સે રાઘવ સા'બ કા નામ સુનતા હૂં. વો ક્યા હૈ કી મૈ આપકો પહચાનતા નહીં થા. સૉરી, મેમસા'બ...રિયલી સૉરી.' અને તે છોકરાએ પ્લાસ્ટિકની થેલીમાં પેક કરી મીઠી બળજબરીથી લીંબુ મારા પર્સમાં રાખી દીધાં. આવડો નાનકડો છોકરો જાણતો હતો કે ઈન્સ્પે. રાઘવ કુલકર્ણી કોણ હતા.



ઝંડા ઊંચા રહે હમારા
વિજયી વિશ્વ તિરંગ પ્યારા,
ઝંડા ઊંચા રહે હમારા.
સદા શક્તિ સરસાનેવાલા,
પ્રેમ સુધા બરસાનેવાલા,
વીરોં કો હરસાનેવાલા,
માતૃભૂમિ કા તનમન સારા... ઝંડા
શાન ન ઈસ કી જાને પાયે,
ચાહે જાન ભલે હી જાયે,
વિશ્વ વિજય કર કે દિખલાયે,
તબ હોવે પ્રણ પૂર્ણ હમારા... ઝંડા

મને યાદ આવ્યો એ દિવસ કે જ્યારે હું અને તું સાથે શાક લેવા ગયાં હતાં. તું યુનિફૉર્મમાં હતો. તને યુનિફૉર્મમાં જોઈ શાકવાળાએ પૈસા લેવાની ના પાડી. હું ખૂબ ખુશ પણ થઈ. પણ તેં મારી ખુશી પર ઠંડું પાણી રેડી દીધું. તેં શાકવાળાને ધમકાવીને પરાણે પૈસા આપ્યા, હું ખૂબ ગુસ્સે થઈ હતી. તને વેદિયો...પ્રામાણિકતાનું પૂછડું...બુદ્ધિનો બ્રહ્મચારી ...ઉલ્લુનો પઠ્ઠો... જેવાં કેટલાંય ઉપનામ આપ્યા હતા. પણ આજે મને સમજાય છે રાઘવ...કે હું ખોટી હતી. આ રીતે ભેગા કરી-કરી આપણે ટીવી અને ફ્રીજ લઈ શક્યાં હોત પણ પછી આજે પેલા છોકરાની આંખમાં જોવા મળ્યો એવો આદર ન જોવા મળત.

અને રાઘવ આજે આ બધું યાદ કરવાનું કારણ એ કે આજે હું ગાયનેકોલૉજિસ્ટ પાસે ગઈ હતી. તેણે મને સારા સમાચાર આપ્યા હે હું મા બનવાની છું. આવા સારા સમાચાર હું કોની સાથે શેર કરું...? તારી યાદો સિવાય મારું બીજું છે કોણ...? આપણે બે'ય તો અનાથ હતાં...ન તારું કોઈ હતું, ન મારું કોઈ છે. પણ આપણા રાઘવને એવું નહીં હોય. હાં...હું તેનું નામ પણ રાઘવ જ રાખવાની છું. 'હું આપણા રાઘવને કહીશ કે તારો બાપ દુનિયાનો સૌથી સવાયો બાપ હતો. તેણે આ શહેર માટે, આ દેશ માટે, આ દેશના ભવિષ્ય માટે એ કર્યું છે કે જે સામાન્ય માણસો નથી કરી શકતા. હું એને કહીશ કે તારો બાપ ગરીબ હતો પણ ચોખ્ખો હતો, બિલકુલ મારાં આંસુ જેવો...ફરીથી એક વખત તારી માફી માંગુ છું. તારો આભાર માનું છું...તેં મને આપેલા સ્વાભિમાન માટે...આપણા રાઘવ માટે...તેં કરેલા ઈન્વેન્ટમેન્ટ માટે..તેં મારા માટે જે કાંઈ કર્યું છે એ માટે...જે નથી કર્યુ એ માટે પણ...ખૂબ ખૂબ આભાર રાઘવ...થૅંક્સ રાઘવ'' ❖❖❖

# પિયરઘર

**કિશોર વ્યાસ**



સુધા કેટલાયે સમયથી પિયર ગઈ નહોતી. ઘરમાં જુદાં જુદાં એવાં કામ નીકળી આવતાં હતાં કે એનું જવાનું ઠેલાયા જ કરતું હતું. હરિ ટીખળ કરીને કહ્યા કરતો : 'તું પિયર રહેવા જતી નથી એમાં આઝાદી મળતી નથી.'

'હા, પછી તમારી તો ખાવાપીવામાં લહેર... ડૉક્ટરોએ શું કહ્યું છે એ યાદ છે ને ? સાચવશો નહીં તો બાયપાસમાં જવું પડશે. એ ચિંતા મને કોરી ખાય છે. પિયર જવું કોને ન ગમે ? પણ તમને જોઉં છું ને મારા બધા વિચાર ઠપ્પ થઈ જાય છે.'

હરિ ચિંતા ન કરવા સુધાને સમજાવ્યા કરતો પણ સુધા પિયર જવાનું કોઈ ને કોઈ બહાને ટાળી દેતી. એમ જ ઘણો સમય પસાર થઈ ગયો. એવામાં સુધાના પિતાનો પત્ર આવ્યો. એમાં દાદીની તબિયત અંગેની વાતથી સુધા વિહ્વળ થઈ ઊઠી. દાદીને કશું થઈ જશે તો ? એ વિચારથી એનું મન મૂંઝાઈ ગયું. હરિ સુધાને આશ્વાસિત કરવા લાગ્યો. 'બાને કશું નહીં થાય. તું એક આંટો મારી આવ. ઘર હું સંભાળી લઈશ. અહીંની ચિંતા ના કર.'

કમને સુધા જવા તૈયાર થઈ. હરિ એને જવાની તૈયારીમાં મદદ કરવા લાગ્યો. કબાટમાંથી થેલો કાઢી આપ્યો. બજારમાંથી મીઠાઈનું બૉક્સ લઈ આવ્યો. એમનું ચાલતું તો એ સુધાના કપડાં પણ મૂકી દેતો ! 'તારી દવા તું ભૂલતી નહીં. પાઠ કરવાની ચોપડી યાદ રાખીને મૂકજે.' આવી નાની નાની સૂચનાઓ આપ્યા કરતા હરિને સુધાએ પરાણે ઑફિસ ધકેલ્યો.

'વહેલો આવી જઈશ. તું તૈયાર રહેજે. હું બસડેપો પર મૂકવા આવવાનો છું. એ પહેલાં જતી ના રહેતી.'

સુધા મનમાં જ હસી પડી. પિયર બે કલાકના અંતરે જ છે. કઈ પરદેશ નથી જવાનું. હું કંઈ નાની કીકલી થોડી છું તે હરિ આટલી ચિંતા કરે છે ! તે છતાં હરિનું મન રાખવા એણે હા કહી. હરિ નીકળ્યો ત્યારે હંમેશની જેમ બારીએ ઊભી રહીને એ ધીરે ધીરે દૂર ખસતા જતા હરિને જોઈ રહી.

હરિ દેખાતો બંધ થયો એટલે સુધા ઘરમાં આવી. નીકળવું છે તો બચેલાં બધાં કપડાં ધોવાં પડશે, એમને માટે ભાવતો થોડો નાસ્તો તૈયાર કરીને મૂકી દઉં. હરિનાં કપડાંને ઈસ્ત્રી કરવાની પણ બાકી છે એમ વિચારતી સુધા ઘરે જવાનો સામાન ગોઠવવાનું પડતું મૂકી ઘરમાં કામે વળગી.

હરિ સાથે પરણ્યાને દસકો વીતી ગયો હતો. ઈશ્વરે એનો ખોળો ખાલી રાખ્યો હતો એ વિચારથી એ જ્યારે જ્યારે પણ ઉદાસ થઈ જતી ત્યારે હરિ કહેતો કે, 'સુધા, તારું બધું ધ્યાન આ બાળક પર રહે એવી હરિઈચ્છા છે. જે છે એનો આનંદ પામીએ તો ઘણું.'

સમય જતાં સુધા પણ એ સંતાપને ભૂલીને હરિમય બની ગઈ હતી. એને છોડીને ક્યાંય જવું હોય તો એ સો વાર વિચાર કરતી. આજે હરિને મૂકીને જવું પડશે અને દાદીને કશું થયું તો રોકાણ થશે તો ? એ વિચારથી એને ધ્રુજારી આવી ગઈ.

એમ તો છેલ્લા વારસે હરિ સાથે બે વાર એ પિયર આંટો મારી આવી હતી પણ હરિની નોકરીને કારણે તરત પાછા ફરવું પડેલું. હરિ એને નિરાંતથી રોકાવાનું કહ્યા કરતો પણ એને એકલા મૂકીને ક્યાંય જવું સુધાને ગમતું નહીં, સુધા ઘરે આવવા જ્યારે પણ ઉતાવળ કરતી ત્યારે ભાભી તો ઘણી વાર ભાઈને કહેતી : 'આ જુઓ, કંઈક શીખો, તમારાં બેનબા હજુ બેચાર મહિનામાં જ પરણ્યાં હોય એવાં લાગે છે ને ?' ભાઈની સાથે બધાં હસી પડતાં.

સુધા પણ કહેતી : 'ભાભી, એની જાણે આદત જ પડી ગઈ છે. ત્યાં હોઉં એટલે મન ભર્યું રહે કે હરિ ભલેને બહાર ગયો હોય પણ એક સાદ પાડીશ ત્યાં હાજર થઈ જવાનો.'

સુધાનાં માતાપિતા એ સાંભળી આંખેથી જ વહાલ વરસાવતાં. સુધા નિ:સંતાન રહી એનું દુ:ખ જાણે હરિએ પોતાના સ્નેહથી ભૂંસી નાખ્યું હતું એ જોઈ પરમ સંતોષની લકીર એ બંનેના ચહેરા પર વાંચી શકાતી.

સુધાએ ઘરના કામમાંથી પરવારીને ઘડિયાળ તરફ નજર નાંખી. સમય થઈ જવા આવ્યો હતો. હરિ હમણાં જ આવી પહોંચશે એમ ધારી એ ઝડપથી પોતાનો સામાન ભરવા બેઠી. હજુ તો થેલો ભરાઈ ન રહ્યો ત્યાં જ હરિ આવી પહોંચ્યો. 'તૈયાર થઈ ગઈ ? ચાલ, નીકળીએ.

'ખમો, હજી તો ઘરનું બાકી કામ જોયું નથી. કેટલોક સામાન લેવાનોય બાકી છે...'

'લે, ત્યારે... એ બધું કરવા રહીશ તો સાંજ પાડીશ. બાકી હશે એ તો હું કરી લઈશ.'

'મારા નાથ ! મોકલવાની આટલી ઉતાવળ ?' સુધાએ નેણ ઉલાળ્યાં. હરિ ટાઢો પડી ખુરશીમાં બેસી ગયો. પરસેવો લૂછતાં

કહે: 'તું એકલી ક્યારેય બહાર જાય છે એ મને કેટલું ગમે છે એ તું જાણે...'

સુધા હસી. તૈયાર થતાં બોલી : 'જુઓ, પાછા સમયસર જમી લેજો. દૂધ આવે એ ગરમ કરીને ઢાંકીને મૂકજો, આ કપડાં સુકાઈ જશે પછી એને દોરીએથી લઈ સંકેલી લેજો. ટિફિનનું કહ્યું કે નહીં ?'

હરિએ જવાબમાં માથું ધુણાવીને હા કહી, સ્કૂટર પર બસડેપો સુધી સુધાની જુદી-જુદી સૂચનાઓ એ સાંભળતો રહ્યો. હરિને થયું કે સારું છે કે સુધા થોડા દહાડા માટે જ પિયર જાય છે. કોઈ પરદેશ જતી હોત તો નોંધપોથી તૈયાર કરીને હાથમાં મૂકી દીધી હોત ! બસ સમયસર ઊપડી. વળાંક સુધી એ હરિના ચહેરા સામે જોતી રહી. એની આંખના ખૂણે આંસુનું એક ટીપું તરી આવ્યું. એ પિયર જવાની ખુશીનું હતું કે હરિને છોડીને જવાના વિષાદનું હતું એ સમજી શકી નહીં. દાદીની તબિયતના સમાચાર કાગળમાં ન હોત તો પોતે પિયર જવાનો વિચાર સુદ્ધાં કરી શકી ન હોત. એ બહાને બધાં સાથે થોડો સમય વિતાવી શકાશે એનો રાજીપો બસમાં બહારથી આવતા ઠંડા પવનની લહેરખી જેવી એના ચહેરા પર તરવરવા લાગ્યો.

સુધા આવી છે એ જાણીને ઘરમાં ઉત્સવ થઈ રહ્યો. માતાપિતાના હરખનો પાર ન હતો. નાની બહેન આવવાની છે એ સમાચાર સાંભળી ભાઈ પણ ઘરે જ રહ્યો હતો. દાદીની તબિયત પોતે ધારી હતી એવી ખરાબ ન હતી. એને ખાતાંપીતાં જોઈ સુધાનું મોં લેવાઈ ગયું. તું તો સાજીસમી છે પછી મને કેમ દોડાવી ?

સુધાએ દાદીને જ પૂછી લીધું.

દાદીએ હસતાં હસતાં કહ્યું : 'આમ તો તું તારું ઘર છોડે એમ છે નહીં, તે મેં જ કહ્યું કે થોડા દિવસ મારી તબિયતના બહાને આવશે તો બધાં રાજી થશે.'

સુધાને હાલ જ પાછા ફરવાનું મન થઈ આવ્યું. ચાનો કપ હાથમાં લીધા વેંત એને હરિની સતત ચા પીવાની આદત સ્મરણમાં ઝબકી ગઈ. પિતા કશીક વાત કરવા ઉત્સાહિત લાગ્યા. સુધાએ કહ્યું : 'હું જરા એને પહોંચ્યાનો ફોન કરી દઉં.' ફોનમાં મુસાફરીની પળેપળની વાત સુધા કરતી ગઈ. વચ્ચે વચ્ચે હરિને સંભાળ રાખવાની સૂચનાઓ પણ વહેતી ગઈ. ખાસ્સી વાર પછી ફોન પૂરો થયો અને એ પરિવાર સાથે બેસીને વાતોએ ચઢી ત્યારે પણ હરિની આદતો, એની ઑફિસનું પહોંચતું કામ, આંગણામાં મહોરેલા આંબા માટે હરિના વળગણની વાતો પર એ ફરી ફરીને આવી પહોંચતી હતી. એ વાતોને સાંભળીને બા એક વાર તો અકળાઈને બોલી ઊઠી : 'અલી ! તું હરિને છોડીને હવે તારી તો કંઈક વાત કરને ! જમાઈને કાંખમાં ઘાલીને જ ફર્યા કરે છે !'

'સાચું કહે છે મા, હરિને અળગો કરીને ક્યાંય ગઈ નથી ને એટલે મન એના સિવાય બીજું વિચારી શકતું નથી.'

સુધાની ચકોર આંખોએ ટૂંકા સમયમાં જ પામી લીધું કે પોતાના ગયા પછી ઘરમાં અજીબ પરિવર્તન આવી ગયું છે. ભાઈ-ભાભીનાં સંતાનો બહાર ભણવા ચાલ્યાં જવાથી તેઓ એકલાં પડી ગયાં છે ને પૈસાની તાણ અનુભવી રહ્યાં છે તો માતાપિતા દાદીની તબિયત પાછળ પોતાની સઘળી શક્તિ, સંપત્તિ ખર્ચી રહ્યાં છે. સૌ જાણે પોતપોતાના અલગ ટાપુ પર વસે છે. દાદીની રોજબરોજની ચાકરી કરવામાં ભાભીનો વ્યક્ત થતો રહેતો અણગમો ને ચીડ સામે મૂંગા મોંએ ઢસડબોજો વેંઢારતી માના થાકને સુધા પહેલી વાર જ જોઈ શકી. પિતાની અવશ બનતી જતી દશાથી સુધા હલબલી ગઈ. 'અરે ! હરિ સાથેના સુખપ્રદેશમાંથી જરા બહાર નીકળીને અહીંની ખબર કેમ ના લીધી ?' આજ સુધી હરિ સાથેના સાંકડા વર્તુળમાં રહી પડવાનો અપરાધભાવ એને ડંખી રહ્યો. ઓછામાં ઓછું સાથે રહીને એમનાં સુખદુ:ખને મેં સાંભળ્યાં હોત તો ઘણું થયું એમ સુધા અનુભવી રહી.

સુધાને અહીં આવ્યાને બે દિવસ જ થયા હતા ત્યાં ત્રીજે દહાડે હરિ અચાનક આવી ચઢ્યો. સુધા અને કુટુંબના સૌ આશ્ચર્યમાં પડ્યાં. 'તું તારાં ચશ્માં ત્યાં જ ભૂલી આવેલી. તારે રોજ વાંચવા જોઈએ એટલે એ આપવા મારે ધક્કો થયો.'

'પણ અહીં હું શું વાંચવાની ? મને ફોન કર્યો હોત તો હું તો ના જ કહેતી.' સુધાએ દલીલ કરી.

'એ તારા વિના રહી શક્યા નહીં. જો તને મળવાનું કેવું સરસ બહાનું શોધી કાઢ્યું !' ભાઈએ રમૂજ કરી.

હરિ એક રાત તો માંડ રોકાયો. વળતે દિવસ જતી વેળાએ સુધાને કહે : 'આવવું છે સાથે ? તારા વિના ઘર ખાવા થાય છે. તનેય એમ જ થતું હશે ને ? ચાલ, આવવું હોય તો !'

સુધાએ પાછળ ફરીને જોયું. ખુરશીમાં આડા પડેલા પિતા, સૂપડામાં કશાક અનાજને ઝાટકતી મા, ઓરડામાંથી ઘસડાતી આવતી દાદી અને ભાભીના બંધ દરવાજા પરથી નજર ખસેડી એ નિશ્ચયપૂર્વક બોલી : 'થોડા દિવસ પછી આવું તો એકલો રહી લઈશને ? આપણે એકમેકથી ટેવાયેલાં છીએ પણ અહીં મારી હાજરીથી જોઉં... કશુંક બદલી શકાય તો...'

સુધાને જાણી લીધાનો સદાયે દાવો કર્યા કરતો હરિ એનું આ નવું રૂપ સમજવા મથી રહ્યો. હરિને 'આવજો' કહેવા ઊંચકાયેલો સુધાનો હાથ ક્યારે માના ખભા પર મુકાઈ ગયો એની સુધાને પણ સરત રહી નહીં.

❖❖❖

## જન્માષ્ટમીએ ...



રાધાની વેદના તો દુનિયા એ જાણી પણ માધવની વેદના અજાણી
હૈયા ના ગોખ મહી સાચવી ને રાખી ને હોઠ પર ક્યારેય ના આણી
રાધા એ શબ્દોના બાણ ઘણા માર્યા પણ માધવના ખોલે કંઈ વાણી
વાંસળીના સ્વરમાં પણ વહેતી ના મુકે એ, માધવ તો મનના બંધાણી
માધવની નજરો માં છાનું છાનું જોયું ત્યાં ઝાંખી એ મુજને દેખાણી
ઝળું ઝળું સાવ થતી આંખોમાં વાદળ ને વાદળમાં વેદનાના પાણી
રાધા રે રાધા આ મૂંગા તે માધવની વેદના છે તુજ થી અજાણી
તારી તે પીડાના કોચલામાં તુજને એ કદીયે ના થોડી સમજાણી ? !
એક વાર માધવના મનને તું વાંચજે ખૂટશેના આંખોના પાણી
''શ્રાવણી'' તો શ્રાવણના જળમાં જઈ ડૂબી કે કોણ એને બ્હાર લેશે તાણી ?

# ભારતસંતાનોનો નિત્યધર્મ



**ભા**રતનાં સંતાનો !

સાગરને તીરે એક બંદર છે. બંદરમાંથી સેંકડો નૌકાઓ દિશદિશામાં સફર ખેડવા સંચરે છે. કોઈ માલ લઈને જાય છે. કોઈ માલ લઈને આવે છે. ભારતના બંદરેથી શો માલ લઈ જઈને જગ-બંદરોમાં આપશો ? નિકાસ ને આયાત તમે શેની કરશો ? કાળ ને અવકાળના મહાસાગરોને ખેડનારી તમે આત્મનૌકાઓ છો : શું લાવશો ? ને શું શું લઈ જશો ?

ભારતના આધ્યાત્મ-વહેવારિવાઓ ! ભારતની અધ્યાત્મ-સંસ્કૃતિનો વેપાર ખેડજો હા. ભારતનો ભાર તમારે માથે છે; ભારતનું ભલું તમારા ભાગ્યમાં છે.

પણ ભારતનો ઉદ્ધાર ભારતવાસીઓને કાજે જ વાંછવો, તેયે શું એક સ્વાર્થ નથી ? ઉમદા સ્વાર્થ છે, પણ સ્વાર્થ જ છે.

શાણાઓ કહે છે કે આજ ભારત દુ:ખી છે, તેમ જગતેય દુઃખી છે; આજ ભારત ભૂલું પડયું છે, તેમ જગતેય ભૂલું પડ્યું છે. જગતના ઉદ્ધારને કાજે, માનવજાતિનાં શુભને કાજે, ભારતનો ઉદ્ધાર વાંછજો !

★

જેવો વ્યક્તિધર્મ છે, નગરધર્મ છે, પ્રાંતધર્મ છે, દેશધર્મ છે, તેવો જ જીવનનો 'જગત'ધર્મ પણ છે. જેવો કાળધર્મ છે. તેવો શાશ્વત ધર્મ છે. આપણો ભારતસંતાનોનો શાશ્વત ધર્મ કિયો ?

ભારતપ્રસાર એ જ સહુ ભારતવાસીઓનો શાશ્વત ધર્મ ભારતની અધ્યાત્મવલ્લભ સંસ્કૃતિ આત્મામાં ભરવી, ભારતીય સંસ્કૃતિને પોષક અધ્યાત્મતત્ત્વ જગતસંસ્કૃતિઓમાંથી ભારતમાં આણવું, અને એ અધ્યાત્મસમૃદ્ધ ભારતસંસ્કૃતિ જડવલ્લભ જગતમાં વિસ્તરવી : ભારતીય હો તે સહુનો એ નિત્યધર્મ છે. ખંડખંડમાંથી યુગયુગમાંથી ભારતીય સંસ્કૃતિને પોષક અધ્યાત્મતત્ત્વનાં સાત્ત્વિક ધન નૌકાઓ ભરીભરી આણવાં, ભારતીય સંસ્કૃતિનાં સાત્ત્વિક ધન મહાનૌકાઓ ભરીભરી દેશદેશે પ્રજાપ્રજાને પાઠવવાં : એ જ ભારતવાસીઓનો શાશ્વત ધર્મ. ભારતભોમના વાસીઓ ! સુણશો ? - આતુર જગત આમંત્રે છે :

ઊઠ, ઓ ભરતગોત્ર ! તુજ વાટ
જુવે જો ! જગત કાળને ઘાટ.

**- ન્હાનાલાલ કવિ**

**મહત્ત્વની સૂચના**

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

**સાભાર સ્વીકાર**

મૈત્રી ધર્મેષ શાહની CA ફાઈનલ ઓલ ઈન્ડીયા રેક ૫૦ સાથે પાસ થવાની ખુશાલીમાં સ્વ.રજનીકાંત ચુનીલાલ શાહ ઘાટકોપર તરફથી ભેટ ૫૦૦૦/-

---

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ**

સંચાલિત

**શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય–નાલાસોપારા**

**શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન–નાલાસોપારા**

□ દિલીપભાઈ એ. શાહ

નાલાસોપારા સંઘના પ્રચંડ પુણ્યોદયે જ્ઞાનગચ્છ સંપ્રદાયના બહુશ્રુત પ.પૂ. પ્રકાશચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી શિષ્ય આગમજ્ઞાતા પ.પૂ. બસંતમુનિ મ.સા., પ.પૂ. સંજયમુનિ મ.સા., પ.પૂ. વિક્રાંતમુનિ મ.સા., પ.પૂ. સુગનમુનિ મ.સા. આદિ ઠાણા - ૪ નુ ચાર્તુમાસ પ્રાપ્ત થતા સંઘમાં ચોમેર આનંદ છવાયો છે. તા. ૬ જુલાઈ અષાઢ સુદ આઠમના દિવસે પૂ. સાધુભગવંતોનો કોઈપણ પ્રકારના આરંભ-સમારંભ વિના, મંગલ પ્રવેશ થયેલ છે. આવા આચારવંત સંતોનું ચાર્તુમાસ મળવુ તે નાલાસોપારા સંઘના સદ્ભાગ્ય છે. અષાઢ સુદ દસમથી જિનવાણી પ્રવચનધારાનો શુભારંભ થઈ ગયેલ છે. ખૂબ વિશાળ જનમેદની સાથે સવારે ૯ વાગ્યે ઉપાશ્રય હૉલ ખીચોખીચ ભરાઈ જાય છે. પ્રવચનધારાને ઝીલવા ધર્માનુરાગી શ્રાવક-શ્રાવિકાઓ ઉત્સાહભેર આવીને લાભ લઈ રહ્યા છે. પ.પૂ. બસંતમુનિ મ.સા. જ્ઞાનગચ્છ સંપ્રદાયના ૧૦૫ સાધુઓમા ૫ મા નંબરના સંત તરીકે સ્થાન ધરાવે છે. આવા દીર્ઘસંયમ પર્યાયવાળા જ્ઞાની, ધ્યાની, તપસ્વી સંતના આચારના પ્રભાવથી સત્સંગ, સાંનિધ્યને પામવા બૃહદ મુંબઈના પરામાંથી વિશાળ સંખ્યામાં દર્શનાર્થે પધારીને લાભ લઈ રહ્યા છે.

તા. ૧૭ જુલાઈ રવિવારે ઠાણાથી લગભગ ૧૫૦ શ્રાવક-શ્રાવિકા બૃહદમુંબઈના અલગ-અલગ પરામાંથી કુલ ૨૫૦ જણ પૂ. ગુરુદેવના દર્શનાર્થે પધારેલ આખો દિવસ સત્સંગનો લાભ લીધેલ.

તા. ૧૩ અષાઢ સુદ પૂનમના રોજ સતત આરાધના, સંવર પૌષધ ઉપવાસ આદિમાં જોડાયેલ. બહારના પરામાંથી લગભગ ૧૫૦ ભાઈ-બહેનો ચોમાસીપાખી આરાધના કરવા પધારેલ ૮૦ પૌષધ થયેલ છે.

તા. ૨૦ અષાઢ વદ ૭ મે બૃહદ મુંબઈ સુધર્મ મહિલા મંડળના ૮૦ બહેનો દર્શનાર્થે પધારેલ. વ્યાખ્યાન-વાંચનનો લાભ મળેલ.

તા. ૨૩ અષાઢ વદ ૧૦ ના રોજ જૈન દર્શન સ્વાધ્યાય સંઘના ૨૦૦ મેમ્બર્સ ઘાટકોપરથી લઈ દહીસર સુધીના શ્રાવક-શ્રાવિકાઓ સવારે ૮ વાગ્યાથી આખો દિવસ સત્સંગનો લાભ લીધેલ. પૂ. બસંતમુનિ મ.સા. પ.પૂ. સંજયમુનિ મ.સા. તથા પ.પૂ. વિક્રાંતમુનિ મ.સા. એ બબ્બે વ્યા. આપી ૧ દિવસમાં ૬ વ્યાખ્યાનનો લાભ **J.D.S.S.** ના મેમ્બર્સો લઈને ધન્યતા અનુભવેલ. શ્રી સંઘવતી પ્રીતિબેન ડી. શાહે દરેકનું અંતરના અહોભાવથી સ્વાગત કરેલ. **J.D.S.S.** ના પ્રમુખશ્રી માનનીય મયંકભાઈ જશવંતલાલ શાહનું સ્વાગત દિલીપભાઈ શાહે કરી આવકારેલ. મયંકભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવેલ અત્યારે નાલાસોપારા સંઘમાં એવો માહોલ જામ્યો છે કે જાણે સાક્ષાત્ મહાવિદેહ ક્ષેત્ર હોય. દિલીપભાઈએ દરેક ધર્મપ્રેમી ભાઈ-બહેનોને બને તેટલો વધુને વધુ સંતોના સાનિધ્યનો લાભ લઈ જ્ઞાનદર્શન, ચારિત્ર, તપની વિશેષ આરાધનામાં જોડાવાની સદ્ભાવના વ્યક્ત કરેલ.

તા. ૨૪ અષાઢ વદ -૧૧ બૃહદ મુંબઈમાંથી ૧૫૦ જણ વ્યાખ્યાન-વાંચનાનો લાભ લેવા પધારેલ. મારવાડી સમાજના દાતાઓ તરફથી સાધર્મિક ભક્તિનું રસોહુ ચાલુ છે. મારવાડી સમાજના કાર્યકરો ખૂબ ઉત્સાહભેર સેવા કરી રહ્યા છે.

ચાર્તુમાસ દરમ્યાન નિત્ય ધર્મઆરાધના :-

સવારે ૮.૩૦ થી ૯.૦૦ ધર્મચર્ચા

૯.૧૫ થી ૧૦.૩૦ પ્રવચનધારા

૧૦.૪૫ થી ૧૧.૩૦ વાંચણી

બપોરે ૨.૩૦ થી ૩.૩૦ વાંચના

❖❖❖

# મૃત્યુરૂપી અતિથિના સત્કાર માટે સદા સજ્જ રહો

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ।
